Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૦ મું. સંવત ૧૯૯૯

અંક ૧૦ મો. મે વૈશાખ

પ્રકાશક—

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ અંકમાં


| | | | |
|---|---|---|---|
| ૧. શ્રી સામાન્ય જિનસ્તવન | ૨૧૭ | ૬. ભગવાન મહાવીરનો સંદેશ | ૨૨૯ |
| ૨. ઉર્વીણા | ૨૧૮ | ૭. अगुरुलघुपर्याय | ૨૩૦ |
| ૩. સમ્યક્ત્વ મીમાંસા | ૨૧૯ | ૮. અમર આત્મમંથન | ૨૩૨ |
| ૪. પરમાર્થસૂચક વાક્યસંગ્રહ | ૨૨૪ | ૯. સ્વીકાર અને સમાલોચના | ૨૩૪ |
| ૫. શ્રી સિદ્ધસ્તોત્ર | ૨૨૬ | ૧૦. વર્તમાન સમાચાર | ૨૩૬ |


## નવા થયેલા માનવંતા સભાસદો.

૧. શેઠ ચુનીલાલ નરશીદાસ ભાવનગર લાઇફ મેમ્બર.
૨. વકીલ વ્રજલાલ બકોરદાસ „ (વાર્ષિકમાંથી) „

## ભેટના ગ્રંથો.

અમારા માનવંતા પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને નીચે લખેલા ગ્રંથો ભેટ આપવાના છે.

**૧. શ્રી આદિનાથ ચરિત્ર** **૪. શ્રી સકલાર્હત્** સ્તોત્ર ટીકા સહિત
**૨. શ્રી ધર્મવીર ઉપાધ્યાય** **૫. શ્રી આગમસારિણી**
**૩. શ્રી જ્ઞાનપ્રદીપ** **૬. શ્રી સિદ્ધાંતરહસ્ય**

ગયા અંકમાં ઉપર લખેલા ગ્રંથોની વિગતવાર નોંધ આ અંકમાં આપવા જણાવેલ હોવાથી સંક્ષિપ્ત હકીકત આપીએ છીએ.

**૧. શ્રી આદિનાથ ચરિત્ર**—ફોર્મ પચાસ, ક્રાઉન આઠ પેજી, ચારસો પાનાનો સુંદર દળદાર ગ્રંથ. એન્ટિક પેપર ઉપર સુંદર ગુજરાતી અક્ષરો, પાકું કપડાનું બાઇન્ડીંગ, સુશોભિત રંગબેરંગી કવર–જૅકેટ, ગુરુદેવ, તીર્થો, પ્રભુ આદિનાથ તેમજ આર્થિક સહાય આપનાર વગેરેની વિવિધ રંગી છબીઓ સહિત.

**૨. ધર્મવીર ઉપાધ્યાય**—શ્રી સોહનવિજયજી–બ્રહ્મચારી, સંજમધારી, પંજાબી વીરપુરુષ, યોગીનું સુંદર ભાવવાહી જીવન વાંચતાં રોમાંચ ખડા થાય તેવું સુંદર ચરિત્ર, છબીઓ સહિત આકર્ષક સુંદર ગ્રંથ. બાર ફોર્મ, સુમારે ૨૦૦ પાનાનો, સુંદર ટાઇપો અને ઊંચા એન્ટિક કાગળ ઉપર છપાયેલ છે.

**૩. જ્ઞાનપ્રદીપ** (બોધસુધા સહિત)—વિદ્વાન લેખક આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજીના સામાજિક બોધદાયક લેખો, ઊંચા કાગળ, સુંદર ટાઇપ અને પાકું બાઇન્ડીંગ, સુંદર કવર સાથે ફોર્મ ૨૬, પાના ૪૧૬.

**૪. શ્રી આગમસારિણી ગ્રંથ**—અનેક તત્ત્વજ્ઞાનની જાણવા જેવી હકીકતોથી ભરપૂર ફોર્મ ૮, પાના ૧૩૨.

**૫. સિદ્ધાંતરહસ્ય**—તત્ત્વજ્ઞાન, દ્વારો વગેરે અનેક જાણવા જેવી હકીકતોથી ભરપૂર પાકા બાઇન્ડીંગનો દળદાર ગ્રંથ. પાના ૨૪૦.

( અનુસંધાન ટાઇટલ પેજ ૩ જુઓ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ સભાના માનવંતા પેટ્રન—



શેઠ સાહેબ રતિલાલભાઈ વર્ધમાન

વઢવાણ કૅમ્પ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આ સભાના નવા થયેલા માનવંતા પેટ્રન સાહેબ

તેઓશ્રીનો જન્મ લીંબડી પાસેના અંકેવાળીયા નામના એક નાના ગામડામાં સંવત ૧૯૪૩ ના આસો સુદ ૧૫ ના રોજ થયો છે. પંદર વર્ષની નાની વયે વતન છોડી તેઓશ્રી વડોદરા ગયા. ત્યાં એન્જીનીયરીંગ લાઇનની પરીક્ષા પાસ કરી થોડાક વર્ષ સુધી તેમણે નોકરી કરી. વૈશ્યે તો વાણિજ્ય જ કરવું જોઈએ, નોકરીમાં ઉન્નતિ નથી એવી તેમની માન્યતા હોવાથી મહામહેનતે થોડીક મૂડી એકઠી કરી મુંબઇમાં સને ૧૯૧૫ માં ઑફિસ ખોલી અને સેકન્ડહેન્ડ મશીનરીના ધંધામાં ટૂંક વખતમાં જ સારું કામકાજ કરી ખ્યાતિ મેળવી. ધીમે ધીમે પ્રગતિ કરતાં તેઓશ્રી અત્યારે વઢવાણ કૅમ્પમાં કાપડની એક મિલના માલિક થયા છે એ તેમની કાર્યકુશળતા, વાણિજ્યદક્ષતા અને આપબળે આગળ વધવાની ધગશનો પ્રત્યક્ષ પુરાવો છે.

લક્ષ્મીનંદન થતા ગયા તે સાથે તેઓશ્રીએ પોતાની ફરજો અદા કરવામાં ખૂબ તત્પરતા બતાવી છે. તેમજ તેઓશ્રી અનેક ધાર્મિક કાર્યોમાં સહાયભૂત થવાની ભાવના સેવે છે. તેઓશ્રી મહાવીર જૈન વિદ્યાલયના માનનીય પેટ્રન છે. પાલીતાણા શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળ રજત મહોત્સવ સમારંભના તેઓશ્રી પ્રમુખ નિમાયા હતા.

તેમનામાં ભેદભાવ નથી. જૈનેતર કોમ પ્રત્યે પણ તેઓ એક સરખો ભાવ રાખે છે. વઢવાણ કૅમ્પમાં લાંબા વખતથી પોતાના તરફથી સસ્તા અનાજની દુકાન ચલાવે છે. આવા કાર્યમાં જાતિભેદ બિલકુલ નથી ગણતા. અનેક વિદ્યાર્થીઓને અભ્યાસમાં મદદ અને ઉત્તેજનરૂપે શિષ્યવૃત્તિઓ પણ આપે છે. આવા દાનવીર, ધર્મવૃત્તિવાળા, કોમના હિતમાં હમેશાં અગ્રભાગ લેનાર સજ્જન લાંબુ આયુષ્ય ભોગવો, તેમના હસ્તક વધુને વધુ સારાં કાર્યો થાઓ અને દાનનું ઝરણું સદા વહેતું રહે એવી આ સભા પરમાત્માને નમ્ર પ્રાર્થના કરે છે.

આવા ઉદારદિલ સજ્જન બંધુએ સભાની કાર્યવાહીથી આકર્ષાઇ સભાનું પેટ્રનપદ સ્વીકાર્યું છે તે અમારી સંસ્થાના પરમ અહોભાગ્યની અને ગૌરવની વાત છે એમ અમે માનીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક : ૪૦ મું : આત્મ સં. ૪૭ વિક્રમ સં. ૧૯૯૯ : વૈશાખ :
અંક : ૧૦ મો : વીર સં. ૨૪૬૯ ઇ. સ. ૧૯૪૩ : મે :

## શ્રી સામાન્ય જિનસ્તવન

( રાગ–તું ચૂપ કે ચૂપ કે બોલ મૈના, ચૂપ કે ચૂપ કે બોલ ).

તું જિનજી જિનજી બોલ ભૈયા ! જિનજી જિનજી બોલ.
પાવન શિવસુખ પાયેંગે, તું જિનજી જિનજી બોલ ભૈયા. (ટેક)

કુટુંબકબીલા મતલબવાલા, છોડ કે તુજ સબ જાયેંગે;
પાવન શિવસુખ પાયેંગે, તું જિનજી જિનજી બોલ ભૈયા. ૧

મહાશિકારી કાલ ભયંકર, જબ તુંજ પેં ચઢ આયેંગે;
[1]ધરાણી [2]ઘરાણી બંગલા બગીચા, તન ધન સબ છૂટ જાયેંગે,
પાવન શિવસુખ૦ તું જિનજી૦ ૨

જિસી ને મોહ કો દિલ સે હટાયે, અય ભૈયા !
વ રાગ દ્વેષ કો દૂર ભગાયે, અય ભૈયા !
તું જાનતા હૈ કે, સબ દેવ મેં વહ નાયક હૈ;
બસાદે બસાદે દીનાનાથ ચિત્તે, અય ભૈયા !
ફિર ન કાલ સતાવેગા તુજ કો,
દક્ષ પાલક જબ ધ્યાયેંગે.
પાવન શિવસુખ૦ તું જિનજી૦ ૩

રચયિતા : મુનિ શ્રી દક્ષવિજયજી મહારાજ

---

૧. જમીન. ૨. સ્ત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉરવીણા.

( અંજની ગીત. )

પ્રેમલ રસમય ગુંજન કરતી,
વિવિધ સરોદ અનુપ ઋજુ ધરતી;
વિશ્વ સકલના ગુણગણ રચતી,
ગાયે ઉરવીણા. ૧

પતિતોમાં શુભ વૃત્તિ ધારું,
દૂર કરું સૌ મારું તારું;
વિશ્વપ્રેમનો મંત્ર પ્રસારું,
ગાયે ઉરવીણા. ૨

આત્મામાં પરમાત્મા માની,
સમવૃત્તિ સાચી સન્માની;
થાઉં સેવામાર્ગે દાની,
ગાયે ઉરવીણા. ૩

બ્રહ્મા, વિષ્ણુ, બુદ્ધ, જિનેશ્વર,
એક સ્વરૂપે માનો ઈશ્વર;
આત્મા સાચો, દેહ જ નશ્વર,
ગાયે ઉરવીણા. ૪

પાપમુક્ત થાઓ સૌ પ્રાણી,
અંતરધારી પ્રભુની વાણી;
"સન્માર્ગે સુખ" હૈયે જાણી.
ગાયે ઉરવીણા. ૫

મિથ્યા મોહમમતાને ત્યાગો,
સદ્વૃત્તિ અંતરમાં જાગો;
નિર્મોહીપદ પ્રભુથી માગો,
ગાયે ઉરવીણા. ૬

વિશ્વપ્રેમનો મંત્ર ગજાવો,
પામો દિવ્ય **અજિતપદ** લહાવો;
સુખકર પ્રભુના શરણે જાઓ,
ગાયે ઉરવીણા. ૭

ચરણે નમતા સુર, નર, કિન્નર,
દિવ્ય પ્રમોદ ધરે નિજ અંતર;
વીતરાગ જયવન્ત જિનેશ્વર,
ગાયે ઉરવીણા. ૮

બુદ્ધિ, ઋદ્ધિ તના ચરણે,
નિર્મળ ગાન સદા હો શ્રવણે;
મુનિ હેમેન્દ્ર ચરણયુગ શરણે,
ગાયે ઉરવીણા. ૯

રચયિતાઃ **મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમ્યક્ત્વ મીમાંસા

( ગતાંક પૃષ્ઠ ૨૦૪ થી શરુ )

લેખક : આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

નિરંતર પૌદ્‌ગલિક વિષયોની ઇચ્છા થવી તે વિકૃતિ છે કે, જે એક અજ્ઞાનસ્વરૂપ છે અર્થાત્ પ્રકૃતિ તે જ્ઞાન છે અને વિકૃતિ તે અજ્ઞાન છે. આ વિકૃતિ જીવ અને જડ બન્નેની પ્રકૃતિઓ ભેગી ભળવાથી થાય છે. જેમ જેમ પૌદ્‌ગલિક વિષયોનો સંસર્ગ વધારે તેમ તેમ અજ્ઞાનતા વધતી જાય છે અને તે અજ્ઞાનતાને લઈને જીવ નિરંતર વિષયાભિલાષી થાય છે. મનગમતા વિષયોને મેળવીને આનંદ તથા સુખનું મિથ્યાભિમાન ધરાવે છે, કે જે પરિણામે દુઃખરૂપ નીવડે છે. જીવને દુઃખ નથી જોઇતું, પણ સુખ જોઇએ છે; પણ તેનું સાચું જ્ઞાન ન હોવાથી પ્રયાસ કરીને, સુખાભાસ મેળવીને પોતે રાજી થાય છે, પણ પરિણામે તેનું ક્ષણવિનશ્વર સ્વરૂપ પ્રગટ થતાં તેને અત્યંત દિલગીર થવું પડે છે. આ બધુંયે મિથ્યા જ્ઞાનરૂપ હોય છે. વસ્તુસ્વભાવને સાચી રીતે જાણવું તે સમ્યગ્ જ્ઞાન કહેવાય છે અને સાચી રીતે શ્રદ્ધવું તે સમ્યગ્દર્શન કહેવાય છે. જ્યાં સુધી અજ્ઞાન હોય છે ત્યાં સુધી સાચી શ્રદ્ધા હોતી નથી.

દર્શનમોહનો ક્ષય થવાથી સમ્યગ્જ્ઞાન થાય છે અને પછી સમ્યગ્શ્રદ્ધા થાય છે. જો કે જીવમાં જ્ઞાન અને શ્રદ્ધા બન્ને રહેલાં હોય છે પણ તે દર્શનમોહને લઇને વિપરીત હોય છે અર્થાત્ અતાત્ત્વિક હોય છે. જેથી કરીને જીવ તાત્ત્વિક સુખ, શાંતિ, આનંદ અને જીવન મેળવી શકતો નથી. માનવીને પ્રત્યક્ષપણે અનુભવ થાય છે કે દેહને છોડીને જીવ ચાલ્યો જાય છે. જીવના ગયા પછી દેહમાં બુદ્ધિ, જ્ઞાન કે કોઈ પણ પ્રકારની ક્રિયા જણાતી નથી–નિશ્ચેષ્ટ થઇને પડી રહે છે, માટે જીવ અને દેહ બન્ને જુદી વસ્તુ છે. બન્નેના સ્વભાવ પણ જુદા જ છે. દેહ જડસ્વરૂપ છે અને જીવ ચૈતન્યસ્વરૂપ છે, છતાં માનવી દેહને ચૈતન્યસ્વરૂપ માને છે અને તેને જાળવી રાખવાને અનેક પ્રકારની જડ વસ્તુઓનો ઉપયોગ કરે છે, છતાં પરિણામે જીવનો વિયોગ થવાથી દેહમાં ચૈતન્યની કોઇ પણ શક્તિ જણાતી નથી, અને જડનો ક્ષણવિનશ્વર સ્વભાવ સ્પષ્ટપણે જણાય છે કે જે ચૈતન્યનો સંબંધ હતો ત્યાં સુધી અપ્રગટ હતો. આમ હોવા છતાં પણ માનવી મિથ્યા જ્ઞાન તથા મિથ્યા શ્રદ્ધાને લઇને નિરંતર દેહની સેવામાં વળગ્યો રહે છે અને પોતાને ન ઓળખવાથી પોતાનું કાંઈ પણ શ્રેય સાધી શકતો નથી. જ્યાં સુધી દેહમાં આત્મબુદ્ધિ હોય છે ત્યાં સુધી પુદ્‌ગલાનંદીપણું ટળી શકતું નથી તેમજ રાગ-દ્વેષ પાતળા પડી જઇને સમભાવની પણ પ્રાપ્તિ થઇ શકતી નથી અને દરેક પ્રવૃત્તિ અજ્ઞાનતાને લઈને વિપરીત થાય છે. દેહને પોષનારા પૌદ્‌ગલિક વિષયોમાં અત્યંત આસક્તિ ધરાવે છે અને દેહને નુકસાન કરનારા પદાર્થો ઉપર દ્વેષબુદ્ધિ રાખે છે. જીવ પોતાને દેહસ્વરૂપ માનવાથી દેહની સાથે સંબંધ ધરાવનાર વસ્તુ માત્રમાં નિરંતર રાગદ્વેષની પરિણતિવાળો બને છે. જેને લઈને કોઇ પણ વસ્તુના સાચા સ્વરૂપને ઓળખી શકતો નથી; કારણ કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેનું કારણ જ અજ્ઞાનસ્વરૂપ છે, તેનું કાર્ય અથવા ફળ જ્ઞાનસ્વરૂપ ક્યાંથી હોઇ શકે ? જીવ દેહને પોતાના સ્વરૂપ માને છે એટલા માટે જ તેને જડ તથા જડના વિકારો બહુ ગમે છે. સુખ, શાંતિ, આનંદ તથા જીવનના આધારભૂત જડના વિકારોને માને છે. ધન, ધાન્ય, ક્ષેત્ર, મકાન આદિ જડાત્મક બાહ્ય સંપત્તિને સુખના સાધન માનતો હોવાથી તે વસ્તુના વિયોગ તથા વિનાશથી પોતાને દુ:ખી માની અત્યંત દિલગીર થાય છે. પૌદ્ગલિક વસ્તુઓના વિનાશથી પોતાનો વિનાશ માને છે. તાત્ત્વિક દૃષ્ટિથી વિચારીએ તો જીવને રતિ, અરતિ, ભય, શોક આદિના સંકલ્પો, વિકલ્પો તથા સ્ફુરણાઓ થાય છે, તે બધુંયે દેહાધ્યાસરૂપ અજ્ઞાનતાનું પરિણામ છે.

જ્યાં સુધી જીવ હું દેહસ્વરૂપ છું એવી દૃઢ શ્રદ્ધાવાળો હોય છે ત્યાં સુધી મિથ્યાત્વને લઇને બાહ્ય સંપત્તિનો સાચો ત્યાગી બની શકતો નથી. માતા, પિતા, સ્ત્રી, પુત્ર આદિ પરિવાર છોડવા છતાં પણ તેમના ઉપરની મમતા ટળી શકતી નથી–પૌદ્ગલિક વિષયોની ઇચ્છા વિરામ પામી શકતી નથી. અનુકૂળ પૌદ્ગલિક વસ્તુઓના સંસર્ગથી આનંદ અને પ્રતિકૂળથી દિલગીરીની અસરવાળો રહ્યા કરે છે. બાહ્યની ધનસંપત્તિ અસાર જાણી છોડવા છતાં પણ શ્રીમંતોનો સંસર્ગ અને તેમની સેવાની ચાહના રાખ્યા કરે છે. અજ્ઞાનીઓએ માનેલી પૌદ્ગલિક સુંદર વસ્તુઓમાં આસક્તિને ધારણ કરે છે. પોતે જે નામથી ઓળખાતો હોય તેના માટે માયાપ્રપંચને સેવે છે. દરેક પ્રકારનાં કષ્ટાનુષ્ઠાન કરીને ઉચ્ચ પુરુષોની કોટિમાં ગણત્રી કરાવવાની ઇચ્છાવાળો રહે છે. દેહાધ્યાસી પરિષહ તથા ઉપસર્ગ સહન કરવામાં નિરંતર કાયર હોય છે. જીવ બાહ્યની બધીયે સંપત્તિ છોડી શકે છે, પણ દેહને છોડી શકતો નથી; કારણ કે દેહને સાથે લઇને અવતરે છે અને બીજી બધીયે વસ્તુઓ પાછળથી મેળવે છે; માટે છોડેલી વસ્તુઓનો દેહને માટે પાછો ઉપયોગ કરે છે અને પૌદ્ગલિક વસ્તુઓ સંબંધી સારાનરસાની ભાવના ભૂંસાતી નથી. પૌદ્ગલિક વસ્તુઓના વિનાશની આશંકાથી દિલગીરી ઉત્પન્ન થવી તે સ્પષ્ટ પુદ્ગલાનંદીપણાને સૂચવે છે.

રાગ, દ્વેષ, રતિ, અરતિ, ભય, શોક, હર્ષ પૌદ્ગલિક વસ્તુને આશ્રયીને જ થાય છે. વિકાસી આત્માઓ સિવાયના વિલાસી જીવોને જીવન–વ્યવસ્થા પૌદ્ગલિક વસ્તુને અવલંબી રહેલી હોય છે. તેમના વિચારોમાં નિરંતર વિલાસપ્રિયતા જ રહેલી હોય છે. દેહાધ્યાસ અને વિલાસપ્રિયતાને ગાઢ સંબંધ છે, અને તે અજ્ઞાનતાનું પરિણામ છે. બેમાંથી એકના અભાવે બીજાનો પણ અભાવ થઇ જાય છે. દેહાધ્યાસ છૂટે તો પુદ્ગલાનંદીપણું છૂટે અથવા પુદ્ગલાનંદીપણું છૂટે તો દેહાધ્યાસ છૂટે છે. બન્ને ખસી જવાથી સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે કે જે એક આત્માનું સ્વરૂપ છે. મોતથી ભયભીત થનાર તથા પોતાને દુ:ખી માનનાર જીવ પોતાને સાચી રીતે ઓળખી શક્યો નથી. તેને દેહમાં જ પોતાપણાની શ્રદ્ધા છે. જ્યાં સુધી તીવ્ર રાગદ્વેષ હોય છે ત્યાં સુધી ગાઢ અજ્ઞાનતા હોય છે અને જ્યાં રાગદ્વેષ મંદ હોય છે ત્યાં મંદ અજ્ઞાનતા હોય છે, અને ક્ષયોપશમ થવાથી સમ્યગ્જ્ઞાન થાય છે; અને ક્ષય થવાથી સંપૂર્ણ જ્ઞાન થાય છે. માટે અજ્ઞાનતાનું કારણ રાગદ્વેષ છે અને તે દેહમાં આત્મબુદ્ધિ થવાથી થાય છે.

રાગદ્વેષ કષાયસ્વરૂપ છે અર્થાત્ કષાયો રાગદ્વેષને ઓળખાવે છે. જેઓ માન, મોટાઇ, કીર્તિ, યશ મેળવવાના અભિલાષથી પ્રયાસ કરે છે, જેઓ પોતાની નિંદા સ્તુતિ સાંભળીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હર્ષ શોક કરે છે, પોતાનું નામ અમર રાખવાને સ્મારકો બનાવે છે, બીજાએ કરેલા પોતાના ગુણાનુવાદો સાંભળીને બહુ રાજી થાય છે, બીજાની પાસેથી સત્કાર–સન્માન મેળવવાને હમેશાં ઉત્કંઠાવાળા રહે છે, પોતે નિર્ગુણી હોવા છતાં પણ વિકાસી ઉચ્ચ કોટિના મહાપુરુષોની પંક્તિમાં ગણાવાને માયાનો આદર કરે છે, વિકાસી પુરુષો તરીકે બીજાની પાસેથી પૂજા–સત્કાર મેળવીને પોતે ગર્વથી ખૂબ ફુલાય છે એવા જીવોને દેહથી આત્મા ભિન્ન છે એવી જરાયે શ્રદ્ધા હોતી નથી; માટે તે અજ્ઞાની હોવાથી મિથ્યાદૃષ્ટિ કહેવાય છે. તેઓ વિકાસના માર્ગથી અવળી દિશામાં પ્રયાણ કરવાવાળા હોય છે માટે તે આત્મવિકાસરૂપ ધર્મથી પરાઙ્મુખ હોવાથી નિર્જરાસ્વરૂપ મુક્તિ મેળવવાના અધિકારી નથી, કારણ કે તે પુદ્ગલાનંદીપણાને લઈને એક પ્રકારના વિલાસી કહેવાય છે. પૌદ્ગલિક વિષયો મેળવવાના આશયથી અથવા તો જનતામાં પૂજાવાની ઇચ્છાથી જેઓ ભાષાજ્ઞાન મેળવી શાસ્ત્રસિદ્ધાંતોનો અભ્યાસ કરે છે અથવા તો જપ–તપ નિમિત્તે અનેક પ્રકારનાં કષ્ટાનુષ્ઠાન કરે છે તેઓનો અંશમાત્ર પણ દેહાધ્યાસ ટળ્યો નથી, તેથી આત્મસ્વરૂપને પણ ઓળખી શકયા નથી અને તે વિષયાભિનંદી હોવાથી કષાયોનો આદર કરનારા હોય છે. આવા જીવોમાં મિથ્યાભિમાનની માત્રા અધિક રહેલી હોવાથી, ધાર્યા પ્રમાણે ઈચ્છા નિષ્ફળ જવાથી અથવા તો તેમનું અપમાન થવાથી ઘણો ક્રોધ કરે છે; માટે તે વસ્તુસ્થિતિની અજાણતાને લઇને અજ્ઞાની કહેવાય છે. પરને મોઢે જેઓ પોતાની પ્રશંસા સાંભળીને ફુલાય છે તેમનામાં પ્રશંસાને લાયક એકે ગુણ હોતો નથી; કારણ કે ઉચ્ચ કોટિના ગુણવાન પુરુષો પોતાની પ્રશંસા સાંભળીને મિથ્યાભિમાનથી મદવાળા થતા નથી. પ્રશંસા સાંભળી મદમાં આવી જઈ ફુલાવું તે એક નિર્ગુણતાની નિશાની છે. સંસારમાં કોઇક વિરલા પુરુષ હશે કે જે પ્રશંસા સાંભળીને રાજી ન થાય. ડાહ્યા અને બુદ્ધિશાળી કહેવાતા પુરુષોને પણ પ્રશંસા પ્રિય હોય છે. જેઓ પ્રશંસા સાંભળીને રાજી થાય છે તેઓ નિંદા સાંભળીને અવશ્ય દિલગીર થવાના જ. આ હર્ષ અને દિલગીરીનું કારણ દેહાસક્તિ સિવાય બીજું કાંઇ પણ હોતું નથી. આ દેહાસક્તિને અજ્ઞાનતા કહેવામાં આવે છે. દર્શનમોહનીયના દબાણ સિવાય પ્રશંસાની ઇચ્છા પણ થતી નથી માટે જ તે એક પ્રકારનું મિથ્યાત્વ છે.

જીવ જે ગતિમાં જાય છે તે ગતિમાં જે શરીરને ધારણ કરે છે તે શરીરની મમતાવાળો થાય છે, અને તે શરીરને છોડવું પસંદ કરતો નથી; કારણ કે અજ્ઞાનતાથી તેને દેહથી ભિન્ન હું જુદી વ્યક્તિ છું એમ જણાતું નથી, પણ અનાદિકાળના અભ્યાસને લઇને દેહનો નાશ થવાથી મારો નાશ થઇ જશે એવી દૃઢ શ્રદ્ધા હોય છે; માટે જ દેહની રક્ષા નિમિત્તે અનેક પ્રકારના અપરાધો કરે છે. અનેક જીવોનો વધ કરીને તેમના દેહથી પોતાના દેહને પોષે છે. પશુજીવનમાં જીવનારાઓને વિવેકદૃષ્ટિ ન હોવાથી અજ્ઞાનીઓ હોય છે; જેથી કરી તેઓ દેહ તથા આત્માની ભિન્નતા જાણી શકતા નથી, પણ મનુષ્યજીવનમાં જીવનારા દેહધારીઓમાં વિવેકબુદ્ધિ હોય છે; તો પણ તેઓ દેહથી આત્મા ભિન્ન છે એમ જાણી શકતા નથી. માનવીઓ પશુ તથા મનુષ્યોને મરતા નજરે જુએ છે તેમજ નિર્જીવ થયેલા કેવળ દેહને પણ જુએ છે છતાં તેમને દેહ તથા જીવની ભિન્નતા સમજાતી નથી, તે એક પશુ કરતાં પણ વધારે અજ્ઞાનતા કહી શકાય. કેટલાક કહે છે કે અમને પ્રભુનાં વચનો ઉપર પૂર્ણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રદ્ધા છે પણ તેમની પ્રવૃત્તિ જોતાં તેઓ અસત્ય બોલે છે અથવા તો તેઓ પ્રભુનાં વચનોનું રહસ્ય સમજ્યા નથી; કારણ કે પ્રભુએ કહ્યું છે કે: 'દેહથી આત્મા ભિન્ન છે; એટલા માટે બન્નેના સ્વભાવ જુદા છે. સમ્યગ્જ્ઞાન–દર્શન–ચારિત્ર સ્વભાવવાળો આત્મા છે અને સડવું, પડવું, નાશ પામવાના સ્વભાવવાળો દેહ છે. બન્ને સંયોગસંબંધથી ઓતપ્રોત થઇને રહેલા છે; માટે સંયોગની અવધિ પૂરી થતાં બન્ને છૂટા પડી જાય છે, જેને મરણ કહેવામાં આવે છે. આવા વિનાશધર્મવાળા જડસ્વરૂપ દેહનો સંયોગ જાળવી રાખવાને અનેક જીવોનો વિચાર કરનાર અજ્ઞાની છે. ગમે તેટલા પ્રયાસો કરવા છતાં પણ દેહ તથા આત્માનો સંયોગ શાશ્વતો બની શકતો નથી. આયુષ્ય કર્મની સ્થિતિ પૂરી થવાથી બન્ને અવશ્ય છૂટા પડી જાય છે. જીવ–દેહના સંયોગને જાળવી રાખનાર આયુષ્ય કર્મ જ છે, પણ બીજા જીવોનાં નિર્જીવ શરીર નથી. આમ હોવા છતાં પણ અજ્ઞાની જીવોને જેમ પોતાનાં શરીર પર મમતા હોવાથી છોડવું ગમતું નથી તેમ બીજા જીવો પણ મમતાને લઇને પોતાનાં શરીરને છોડવા રાજી નથી; છતાં બળાત્કારે તેમના પ્રાણોનો નાશ કરીને તેમનાં શરીરનો પોતાને જીવવા માટે ઉપયોગ કરે છે, તે તેમની એક અજ્ઞાનતા છે.'

પરમાત્મા કહે છે તે જ સાચું છે એવી દૃઢ શ્રદ્ધા હોય તો તેમના બતાવેલા માર્ગને અનુસરવો જોઇએ, પરંતુ સુખને માટે નિરંતર પ્રયાસ કરનારાઓ પ્રભુના માર્ગને ન અનુસરતા અજ્ઞાનીના માર્ગને અનુસરે છે. આત્મામાં રહેલા સ્વાધીન, અખંડ, નિત્ય સુખને વિસરી જઇને અર્થાત્ ન ઓળખીને પરાધીન ક્ષણવિનશ્વર સુખના માટે જડની ઉપાસના કરે છે કે જે પ્રવૃત્તિ પ્રભુનાં કથનથી તદ્દન વિરુદ્ધ છે; માટે જ તેવી પ્રવૃત્તિવાળા અજ્ઞાની કહેવાય છે. પ્રભુ પ્રશમ સુખને સાચું બતાવે છે અને ઇંદ્રિયોના વિષયસ્વરૂપ પૌદ્ગલિક સુખને સુખાભાસ બતાવે છે, કે જે એક દુઃખસ્વરૂપ છે. આ બન્ને પ્રકારનાં સુખોમાંથી મિથ્યા સુખ ઉપર શ્રદ્ધા હોવાથી તેને મેળવવાને પ્રયાસ કરે છે. આ સુખથી સુખી થવાને વર્ણ, ગંધ, રસ, શબ્દ, સ્પર્શવાળા જડ તથા જડના વિકારોનો સંગ્રહ કરવો પડે છે. જેવા કે: ધન, બાગ, બંગલા, વસ્ત્ર, આભૂષણ વગેરે વગેરે. આ જડ વસ્તુઓ સ્વાધીનપણે પ્રાપ્ત થવાથી જીવ પોતાને સુખી માને છે અને જ્યાં સુધી પ્રાપ્ત ન થાય ત્યાં સુધી પોતાને દુઃખી માને છે, કે જે એક પ્રભુનાં વચનની અશ્રદ્ધાનું પરિણામ છે. પ્રભુએ બતાવેલ પ્રશમ સુખ આનાથી વિપરીત છે અને તે પૌદ્ગલિક વિષયોની ઇચ્છા ત્યાગવાથી પ્રાપ્ત થાય છે. આ સુખ ઇંદ્રિયોદ્વારા નથી થતું; કારણ કે ઇંદ્રિયો જડ છે અને તેનાથી ગ્રહણ થતી વસ્તુઓ પણ જડ છે; માટે તે પૌદ્ગલિક સુખ કહી શકાય, પણ પ્રશમ સુખ નહિ; કારણ કે પ્રશમ સુખ ચૈતન્યસ્વરૂપ છે, અને તે ઇંદ્રિયો ઉપર વિજય મેળવવાથી પ્રાપ્ત થઇ શકે છે. જેટલે અંશે પૌદ્ગલિક વિષયની ઇચ્છાઓ ઓછી થતી જાય છે તેટલે અંશે પ્રશમ સુખ પ્રાપ્ત થતું જાય છે. સંપૂર્ણ ઇચ્છાઓ નાશ થવાથી સંપૂર્ણ પ્રશમ સુખ પ્રગટી નીકળે છે. આ પ્રશમ સુખ જીવનો સ્વભાવ હોવાથી નિરંતર તેની સાથે જ રહે છે, અને પૌદ્ગલિક સુખ જડનો સ્વભાવ હોવાથી જડના વિયોગે નષ્ટ થઇ જાય છે, અને તે એક જ જીવનમાં અનેક વખત પ્રાપ્ત થાય છે અને અનેક વખત નાશ થાય છે. મૃત્યુ પછીના જીવનમાં તો તેનો અંશમાત્ર પણ રહેતો નથી; કારણ કે મૃત્યુ સમયે સુખ માટે મેળવેલી જડ વસ્તુઓનો સર્વથા વિયોગ થઇ જાય છે; પણ જીવસ્વરૂપ પ્રશમ સુખનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિયોગ થતો નથી, માટે તે જન્માંતરમાં પણ જીવની સાથે જ રહેલો હોય છે. આ સુખને જ પ્રભુ સુખ કહે છે. છતાં જીવાત્મા જડના સંયોગથી થવાવાળા સુખને સુખ માને છે, તે એક પ્રભુનાં વચનથી વિપરીત શ્રદ્ધાવાળા હોવાથી અજ્ઞાની–મિથ્યાદષ્ટિ કહેવાય છે. વસ્તુને તેના ધર્મથી વિપરીતપણે જાણવી તે મિથ્યાત્વ-અજ્ઞાન કહેવાય છે અને અવિપરીતપણે જાણવી તે સમ્યગ્જ્ઞાન કહેવાય છે. મિથ્યાત્વને લઇને સંસારમાં ભ્રમણ એટલા માટે કરવું પડે છે કે વસ્તુમાં અછતા ધર્મનો આરોપ કરવામાં આવે છે; જેથી કરીને સાચી વસ્તુ ન જણાવાથી વિપરીત આચરણ કરીને સંસારભ્રમણના કારણરૂપ મિથ્યાજ્ઞાની જીવ કર્મ બાંધે છે, જેને ભોગવવા સંસારની ચારે ગતિમાં રઝળવું પડે છે.

વસ્તુમાં અછતા ગુણોનો આરોપ કરીને તેનો ઉપયોગ કરવાથી ઇચ્છિત ફળની પ્રાપ્તિ થઇ શકતી નથી. ગુણ–દોષની સમ્યગ્વિચારણા વગર ગુણી બની શકાય નહિ. દેહના માટે ઉપયોગમાં આવતી પૌદ્ગલિક વસ્તુઓ કે જે એક દોષસ્વરૂપ છે અર્થાત્ આત્માને એકાંતે દૂષિત કરનારી છે તેમાં ગુણ માની મેળવવા પ્રયાસ કરવો અને આત્માના ગુણ સમ્યગ્જ્ઞાન-દર્શન–ચારિત્ર આદિ મેળવવા જપતપ આદિ કરવામાં દોષ માની તેનો પરિત્યાગ કરવો તે એક અજ્ઞાનતા કહેવાય છે. આત્માના સમ્યગ્જ્ઞાન જીવન–સુખને ઢાંકી દેનાર વસ્તુમાં ગુણ હોઈ શકે જ નહિ, પણ જેનાથી આત્મસ્વરૂપ વિકાસ પામે તેમાં જ ગુણ હોઈ શકે; કારણ કે અહિંયા ગુણદોષ સમ્યગ્દષ્ટિથી જોવાના છે માટે જો સમ્યગ્દષ્ટિથી જોઇએ તો પૌદ્ગલિક વસ્તુમાત્રના ગુણો આત્મગુણના વિનાશક હોવાથી તે દોષસ્વરૂપ કહેવાય છે, તેથી તે આત્માને માટે સર્વથા નિરુપયોગી છે. જડ વસ્તુઓ દેહને ઉપયોગી થઇ શકે, કારણ કે તે જડથી દેહ પુષ્ટિ મેળવી શકે છે. જે જીવો અજ્ઞાનતાથી ઇંદ્રિયોથી ગ્રહણ થતા જડના ધર્મરૂપ વિષયોમાં આત્મિક સુખ માની આસક્તિ ધારણ કરે છે, તેમને સાચા સુખ, શાંતિ, જીવન આદિ પ્રાપ્ત થઇ શકતાં નથી; કારણ કે તેઓ ઇંદ્રિયોના દાસ હોવાથી જડના ઉપાસક બની રહે છે.

જ્યાં સુધી ઇંદ્રિયોના વિષયરૂપ જડ વસ્તુથી આત્માનું અહિત સમજાતું નથી ત્યાં સુધી દેહાધ્યાસ ટળી શકતો નથી, અને જ્યાં સુધી દેહાધ્યાસપણું ટળતું નથી ત્યાં સુધી અંશમાત્ર પણ આત્મિક ગુણ પ્રગટ થઇ શકતો નથી. આત્મિક ગુણવિકાસ ન થાય ત્યાં સુધી જે સમજણથી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે તે મિથ્યા જ્ઞાનપૂર્વકની પ્રવૃત્તિઓ હોવાથી મિથ્યાત્વ કહેવાય છે; માટે આત્મવિકાસની ઇચ્છાવાળાએ દેહને આત્માથી સર્વથા ભિન્ન માની તેના માટે કરવામાં આવતી પૌદ્ગલિક વસ્તુમાત્રની આસક્તિ છોડી દેવી, જેથી સમ્યગ્જ્ઞાનસ્વરૂપ સમ્યક્ત્વ મેળવી આત્મવિકાસ સાધી શકાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરમાર્થસૂચક વાક્યસંગ્રહ

( ગતાંક પૃષ્ઠ ૨૦૬ થી ચાલુ )

સંગ્રાહક ને યોજક: **મુનિ પુણ્યવિજયજી (સંવિજ્ઞપાક્ષિક) અમદાવાદ.**

જ્યારે કોઇ પણ પ્રકારનો પૂર્વગ્રહ બંધાઇ જાય છે ત્યારે વિચારક ગણાતા સમર્થ આત્માઓ પણ સ્યાદ્વાદપ્રધાન જૈનદર્શનની તત્ત્વવ્યવસ્થાને સમજી શકતા નથી. પરિણામે વિજાતીય ભ્રમણાઓમાં અટવાઇને મિથ્યાત્વના ગાઢ અંધકારમાં ડૂબી જાય છે. ૨૨.

વિવિધ દૃષ્ટિબિન્દુઓદ્વારા નિરીક્ષણ કર્યા વગર કોઇ વસ્તુ સંપૂર્ણ સ્વરૂપે સમજવામાં આવી શકે નહિ. આ માટે સ્યાદ્વાદ ઉપયોગી અને સાર્થક છે. વસ્તુસ્વરૂપ જેવા પ્રકારનું હોય તેવી રીતે તેની વિવેચના કરવી જોઇએ. ૨૩.

સર્વજ્ઞદેવની દૃષ્ટિમાં દરેક વસ્તુ અનેકાન્તપણે દેખાઇ છે, એટલે દરેક વસ્તુને અનેક દૃષ્ટિએ તપાસીએ તો જ યથાર્થ જ્ઞાન થાય છે. ૨૪.

મધ્યસ્થ પુરુષ સર્વ નયોને જુદી દૃષ્ટિએ માન આપી તત્ત્વક્ષેત્રની વિશાળ સીમાનું અવલોકન કરે છે અને એથી જ એને રાગદ્વેષની નડતર નહિ થતી હોવાથી આત્માની નિર્મળ દશા મેળવવા ભાગ્યશાળી થઇ શકે છે. ૨૫.

જેમાં પ્રત્યક્ષ, અનુમાન આદિ પ્રમાણોથી વિરુદ્ધ કથન ન હોય અને આત્માની ઉન્નતિને લગતો જેમાં ભૂરિ ભૂરિ ઉપદેશ કર્યો હોય એવું તત્ત્વના ગંભીર સ્વરૂપ ઉપર પ્રકાશ પાડનારું, રાગદ્વેષ ઉપર દબાણ કરી શકનારું પરમ પવિત્ર શાસ્ત્ર '**આગમ**' કહેવાય છે. ૨૬.

આગમમાં પ્રકાશ કરેલું તત્ત્વજ્ઞાન અતિ ગંભીર હોય છે; એથી જ તટસ્થ ભાવથી વિચારવામાં ન આવે તો અર્થનો અનર્થ થઇ જવા પૂર્ણ સંભવ રહે છે. દુરાગ્રહનો ત્યાગ, જિજ્ઞાસા ગુણની પ્રબળતા અને સ્થિરતા તથા સૂક્ષ્મ દૃષ્ટિ એટલા સાધનો પ્રાપ્ત થયા હોય તો, આગમના તત્ત્વોના ઊંડાણમાં નિર્ભીકતાથી વિચરી શકાય છે. ૨૭.

પોતે સમજવા કરતાં બીજાને સમજાવવામાં વાણીનો વિશેષ ક્રમ ગોઠવવો પડે છે. દૃષ્ટાંતના એકાદ અંશથી સાદૃશ્યને લઇને જે સમજવાનું હોય ને સમજાતું હોય તો તે દૃષ્ટાંતનો સ્વીકાર કરીને શાસ્ત્રોના મહાવાક્યોના અર્થનો નિશ્ચય કરવો, પણ કુતાર્કિકપણું રાખીને જેઓથી અનુભવનું ખંડન જ થાય એવા અપવિત્ર વિચારથી પરમ પુરુષાર્થને ધક્કો પહોંચાડવો નહિ. ૨૮.

જો સંશય આગમપ્રમાણદ્વારા પણ નિવૃત્ત ન પામે તો અનંત અનાચારનો ઉત્પાદક હોવાનું કારણ મિથ્યાત્વરૂપ છે. ૨૯.

લૌકિક દૃષ્ટિ અને જ્ઞાનીની દૃષ્ટિમાં મહદ્ અંતર છે. જીવને અનાદિકાળથી પ્રમાદમાં રતિ હોવાથી જ્ઞાનીની દૃષ્ટિ લોકને ( જીવને ) રુચિકર થતી નથી. ૩૦.

આ ક્ષણભંગુર દુનિયામાં સત્પુરુષોનો સમાગમ થવો એ જ અમૂલ્ય તથા અનુપમ લાભ છે. ૩૧.

વિષયોમાં રાગ વગરના, જેઓના સંદેહ કપાઇ ગયા હોય એવા અને દેહાદિકના અધ્યાસથી રહિત એવા જ સાધુપુરુષોનો સત્સંગ સંસારરૂપી સમુદ્રમાં તરવાનાં સાધનરૂપ છે. ૩૨.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિર્ગ્રન્થ મહાત્માને વેદનાનો ઉદય પ્રાયે પ્રારબ્ધ નિવૃત્તિરૂપ હોય છે, પણ નવીન કર્મબંધ હેતુરૂપ હોતો નથી. દેહમાં આત્મબુદ્ધિ અને આત્માને વિષે દેહબુદ્ધિ નહિ હોવાથી તેઓ તીવ્ર રોગના ઉદયકાળે પણ ભય કે ક્ષોભને પામતા નથી. ૩૩.

વર્તમાનકાળ દુઃષમકાળ વર્તે છે. મનુષ્યોનાં મન પણ દુઃષમ જ જોવામાં આવે છે. ઘણું કરી પરમાર્થથી શુષ્ક અંતઃકરણવાળા પરમાર્થનો દેખાવ કરી સ્વેચ્છાએ વર્તે છે. એવા વખતમાં કોનો સંગ કરવો? કોની સાથે કેટલું કામ પાડવું? કોની સાથે કેટલું બોલવું? કોની સાથે પોતાના કેટલા કાર્ય-વ્યવહારનું સ્વરૂપ વિદિત કરી શકાય એ બધું લક્ષમાં રાખવાનો વખત છે, નહિ તો સદ્‌વૃત્તિવાન જીવને એ બધા કારણો હાનિકર્ત્તા થવાનો સંભવ છે. ૩૪.

આ સંસારરૂપી રણભૂમિકામાં (દુઃષમ કાળમાં) કાળરૂપી ગ્રીષ્મ ઉદયને ન વેદે એવી સ્થિતિનો તો કોઇક જ જીવ હશે. ૩૫.

ધર્મ માનનાર-કરનાર કોઈ આખો સમુદાય મોક્ષે જશે એવું શાસ્ત્રકારનું કહેવું નથી, પરંતુ જેનો આત્મા ધર્મત્વ ધારણ કરી તત્ત્વાર્થ પામશે તે સિદ્ધિપદ પામશે તેમ કહેવું છે. ૩૬.

ધર્મ એ ઇહલૌકિક અને પારલૌકિક અથવા વ્યવહારિક અને પારમાર્થિક એ બન્ને પ્રકારની ઉન્નતિ મેળવવાનું સાધન છે, પરંતુ ધર્મનું યથાર્થ સ્વરૂપ જ્યાં સુધી સમજવામાં આવે નહિ ત્યાં સુધી ધર્મની આરાધના થઇ શકતી નથી. ૩૭.

નાના પ્રકારનાં દુઃખોને અનુભવતા પ્રાણીને ત્રણે લોકમાં કોઇ શરણ નથી. ધર્મને શરણ માનીએ તો તે વ્યાજબી છે, પરંતુ એમ માનવા છતાં જો ધર્મની આરાધના કરવામાં ન આવે, તો દુઃખને નષ્ટ કરવાનું ક્યાંથી બની શકે? ૩૮.

ધર્મના વિભાગો પડી શકતા નથી, પણ ધર્મના સાધનોના વિભાગો પડી શકે છે. પરમાત્મદશામાં કોઇનો પણ મતભેદ નથી, પરંતુ પરમાત્મદશા પ્રાપ્ત કરવાના ધર્મના સાધનોમાં-વ્યાપારોમાં મતભેદ રહે છે. ૩૯.

મૂળતત્ત્વમાં ક્યાં ય ભેદ ન હોય, માત્ર દૃષ્ટિમાં જ ભેદ જણાય તો આશય સમજી પવિત્ર ધર્મમાં પ્રવૃત્તિ કર. ૪૦.

સાધ્ય તે મોક્ષ, સાધન તે સમિતિગુપ્તિ અને સાધક તે આત્મા જાણવો; એટલે સમિતિગુપ્તિરૂપ સાધનવડે સાધ્ય જે મોક્ષ તેની સિદ્ધિ થાય છે. સમિતિગુપ્તિમાં સર્વ કંઇ ચરણસિત્તરી-કરણસિત્તરી આવી જ જાય છે. ૪૧.

સાધ્યની સિદ્ધિ પ્રતિકૂળ સાધનથી થઇ શકતી નથી. સાધ્યને અનુકૂળ સાધન હોય તો જ સાધ્યસિદ્ધિ થઇ શકે છે. આત્માને દોષમુક્ત કરવા નિર્દોષ સાધનોની અત્યાવશ્યકતા છે. ૪૨.

સઘળા ધાર્મિક અનુષ્ઠાનોનો ઉદ્દેશ આત્માને વિકાસમાં મૂકવો એ છે. આત્મસ્વરૂપની જાગૃતિ, બીજા શબ્દોમાં આત્મદૃષ્ટિનો પ્રકાશ એ જ ધાર્મિક આચારોનું રહસ્ય છે. ૪૩.

સમ્યગ્‌દર્શન આદિ ગુણોની પ્રાપ્તિ અને પ્રાપ્ત થયેલા એ આત્મગુણોની નિર્મળતા આ ઉદ્દેશ બરાબર આંખ સામે રહેવો જોઇએ. એ ઉદ્દેશને સાર્થક કરવા માટે જ દરેક ધર્મક્રિયાનો હેતુ હોવો જોઈએ, અન્યથા વિપરીત હેતુ સંસારસાગરમાં રઝળાવે છે. ૪૪.

કર્મના યોગથી અનાદિ કાળથી જકડાયેલા આત્માને પોતાનું નિર્મળ સ્વરૂપ પ્રગટાવવામાં જે વસ્તુ અગર જે વ્યક્તિ સહાયક થવાની લાયકાત ધરાવતી હોય તે તે સાધનો સેવવા યોગ્ય છે અર્થાત્ જે જે સાધનો આત્માના સમ્યગ્‌દર્શનાદિ ગુણો પેદા કરવામાં સહાયક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી સિદ્ધસ્તોત્ર.

રચનાર અને વિવેચક :
ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા, એમ. બી. બી. એસ.

( ગતાંક પૃષ્ઠ ૨૦૮ થી શરુ )

તે કર્મ પણ દેહમાં સ્થિતિ કરીને ખપાવ્યા તે બતાવે છેઃ—

વસંતતિલકા—

**દેહે કરી સ્થિતિ સ્વકર્મ અનંત વામ્યા, ને દેશભાવથી વિદેહ મહા જ પામ્યા;**
**સિદ્ધિ પ્રયોજન કરી લઇ દેહદ્વારે, તે સિદ્ધના ચરણ હો શરણું અમારે. ૧૩**

**શબ્દાર્થ:**—દેહમાં સ્થિતિ કરી જેણે પોતાના અનંત કર્મ વમી નાખ્યા, ને દેહદ્વારા સિદ્ધિ પ્રયોજન સાધી લઇ જે ભાવથી મહાવિદેહ દેશને પામ્યા છે, તે સિદ્ધનાં ચરણનું અમને શરણ હો !

**વિવેચન—**

ભગવાને જે અનંત કર્મનો નાશ કર્યો તે દેહમાં સ્થિતિ કરીને કર્યો છે. દેહ એ કર્મનું પ્રગટ સ્વરૂપ છે, છતાં તે કર્મરૂપ દેહથી જ કર્મનો ક્ષય કર્યો, કર્મરાજને તેના પોતાના હથિયારથી જ હણ્યો, એ આશ્ચર્યકારક છે. જો કે દેહ નિઃસાર છે, તો પણ તેમાંથી આત્મતત્ત્વરૂપ સાર-સત્ત્વ ખેંચી કાઢી નિજ કાર્યની સિદ્ધિ કરી લેવી એ સત્પુરુષોની ચતુરાઈ છે.

---

બનવાની લાયકાત ધરાવે છે તે તે સાધનો સેવવાને યોગ્ય છે. ૪૫.

શ્રી જૈન દર્શનમાં અનંતજ્ઞાની પરમાત્માએ આત્માને તરવાના અનેક સાધન બતાવ્યા છે. તેમાંના જે સાધનથી સાધ્યનું સામીપ્ય થાય, સાધ્યનું દર્શન થાય અને સ્વ અધિકાર મુજબ સમ્યગ્ નિર્વહન થઈ શકે તે સાધન સાધકને ઉપકારક છે. ૪૬.

સાધ્યને લક્ષમાં નહિ લીધેલા ધનુર્ધરની બાણ ફેંકવાની ચેષ્ટા જેમ નિષ્ફળ જાય છે તેમ સાધ્યને સ્થિર કર્યા વગર કરાતી ક્રિયાઓ નિરર્થક જાય છે. ૩૭.

ધ્યાન, મૌન, તપ અને અનુષ્ઠાન એ બધું અધ્યાત્મના માર્ગની સન્મુખ હોવું જોઇએ. એમ જો ન હોય તો તે કલ્યાણના સાધક થઇ શકે નહિ. હમેશાં દરેક પ્રવૃત્તિમાં લક્ષ્ય બાંધવાની જરૂર છે. લક્ષ્યને-સાધ્યને સ્થિર કરી તદનુકૂળ પ્રવૃત્તિ કરવામાં આવે તો જ પ્રવૃત્તિ સફળ થઈ શકે છે. ૪૮.

દ્રવ્યપૂજા એ મનના અશુદ્ધ વાતાવરણને હઠાવવાનું સાધન છે. એ જ કારણથી ગૃહસ્થોને માટે તે ભાવપૂજાનું સાધન માનવામાં આવ્યું છે. યાદ રાખવું કે સાધનને સાધ્ય માની લેવાની ભયંકર ભૂલથી સાવચેત રહેવું. સાધનની ભૂમિકા ઉચિત રીતે બાંધ્યા પછી સાધ્ય વસ્તુમાં ( ભાવપૂજા ) અધિક ઉદ્યમ રાખવો. ૪૯.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" येनात्माबुध्यतात्मैव परत्वे नैव चापरम् ।
अक्षयानन्तबोधाय तस्मै सिद्धात्मने नमः ॥ "

**—શ્રી પૂજ્યપાદ સ્વામીજીકૃત સમાધિશતક**

" નેમિ જિનેસર નિજ કારજ કર્યું, છાંડ્યો સર્વ વિભાવો જી;
આતમશક્તિ સકલ પ્રગટ કરી, આસ્વાદ્યો નિજ ભાવો જી."

**—તત્ત્વરંગી ભક્તરાજ દેવચંદ્રજી**

આ દેહ જો કે પુદ્ગલનો બનેલો છે, તો પણ તેમાં ઑાર સ્થિતિ રહેલી છે; કારણ કે ' પિંડે સો બ્રહ્માંડે ' તે ન્યાયે, દેહ ને આત્માનો પરસ્પર સંબંધ યથાર્થપણે સમજાતાં લોકનું સ્વરૂપ સમજાય છે. પુરુષ દેહાકૃતિ જાણે લોક–પુરુષની સંક્ષિપ્ત આવૃત્તિ ( miniature ) હોયની ! **પરમ અધ્યાત્મવેત્તા શ્રીમદ્ રાજચંદ્રજીએ** એક સ્થળે કહ્યું છે કે—

" લોક પુરુષ સંસ્થાને કહ્યો, એનો ભેદ તમે કાંઈ લહ્યો ?
એનું કારણ સમજ્યા કાંઈ ? કે સમજાવ્યાની ચતુરાઈ.
શરીર પરથી એ ઉપદેશ, જ્ઞાન, દર્શન કે ઉદ્દેશ.
× × ×
પુદ્ગલજ્ઞાન પ્રથમ લે જાણ, નરદેહે પછી પામે ધ્યાન.
જો કે પુદ્ગલનો એ દેહ, તો પણ ઑાર સ્થિતિ ત્યાં છેહ. "

**—શ્રીમદ્ રાજચંદ્ર**

આવા પુદ્ગલમય દેહમાં સ્થિતિ કરીને, ભગવાને મ્યાનથી તલવારની જેમ, સર્પથી કાંચળીની જેમ દેહ–આત્માનો સ્પષ્ટ વિવેક કર્યો–પ્રગટ અનુભવ કર્યો–વ્યક્ત આત્મસિદ્ધિ કરી.

અને બીજું આશ્ચર્ય વળી એ છે કે જે દેહદ્વારા આ આત્મસિદ્ધિ પ્રાપ્ત કરી તે જ દેહનો ભગવંતે ત્યાગ કર્યો–નાશ કર્યો ! આવું કૃતઘ્નપણું ( ? ) આવું એકાંત *સ્વાર્થીપણું, આવા મોટા પુરુષને કેમ ઘટે વારુ ?

અથવા તો આ દેહે આત્માનું ભૂંડું કરવામાં કાંઇ બાકી રાખ્યું છે ? દેહધારી બનીને જ આત્મા ચતુર્ગતિમાં ભ્રમણ કરતાં દુઃખી દુઃખી થઇ રહ્યો છે. તો પછી એવા દુષ્ટ દેહને નષ્ટ કરવામાં ભગવાને શું ખોટું કર્યું ભલા ? એ અનાદિની વળગેલી બલાને બલથી સદાને માટે નિર્વાસિત કરી એ યથોચિત જ કર્યું છે.

" અષ્ટ કરમ વનદાહકે, પ્રગટી અન્વય ઋદ્ધિ. "—**શ્રી દેવચંદ્રજી**

---

* સ્વાર્થ શબ્દનો રૂઢ અર્થ મતલબ છે, પણ તેનો મૂલ યોગિક અર્થ સ્વ+અર્થ, સ્વ–આત્માનો અર્થ–આત્માર્થ એમ થાય છે, અને તે અર્થમાં સ્વાર્થ પ્રશસ્ત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ બધું ગમે તેમ હો, પણ સદેહ અવસ્થા છોડી દઇને વિદેહ અવસ્થા પ્રાપ્ત કરી ભગવાન **'ભાવ મહાવિદેહ'** ક્ષેત્રે પહોંચી ગયા, એ વાત તો ચોક્કસ ને નિર્વિવાદ છે.

એવા તે સિદ્ધના ચરણનું અમને સદા શરણ હો!

તે **મહાવિદેહે** પણ **ભાવશત્રુંજયગિરિ** ચઢીને પહોંચ્યા છે તે નિર્દેશે છે—

**જે ભાવ-શત્રુંજય ગિરિવરે ચઢીને, પૂરા પરાક્રમથી આક્રમકો લઢીને;**
**કંઠે શિવશ્રી તણી વિજયમાલ ધાલે, તે સિદ્ધના ચરણ હો શરણું અમારે. ૧૪**

**શબ્દાર્થ:**—જે ભાવશત્રુંજય ગિરિવર પર ચઢીને, પૂરા પરાક્રમપૂર્વક આક્રમક એવા કર્મો સાથે **લઢીને અથવા** એ કર્મોને લઢી નાંખીને, કંઠમાં શિવલક્ષ્મીની વિજયમાલા ધારણ કરે છે એવા તે સિદ્ધના ચરણનું અમને શરણ હો!

## વિવેચન—

ભગવાન ભાવમહાવિદેહ ક્ષેત્રે પહોંચ્યા તેનું કારણ પણ આ છે કે તેઓ **ભાવ-શત્રુંજય** (ભાવશત્રુનો જય કરવારૂપ) ગિરિરાજ પર ચઢયા, ભાવશત્રુનો જય કર્યો, અને આક્રમણકારી એવા તે ભાવશત્રુઓને પૂરા આત્મપરાક્રમથી લઢી નાંખ્યા–વાઢી નાંખ્યા–કાપી નાંખ્યા, ને **'અરિહંત'** બન્યા.

એને આવા વીરશિરોમણિ ભગવાનનું પરમ **અદ્‌ભુત મહા–વીરત્વ** દેખી મોક્ષલક્ષ્મીએ–મુક્તિ સુંદરીએ મુગ્ધ થઇ તેમના કંઠમાં વિજયની વરમાળ નાંખી! આવું અદ્‌ભુત **આત્મવીરત્વ** પ્રભુએ દાખવ્યું છે. બીજા પ્રકારનું બાહ્ય વીરત્વ તો નામમાત્ર છે. ખરું વીરત્વ આ જ છે. **યોગિરાજ આનંદઘનજી**એ ગર્જના કરી છે કે—

"વીરપણું તે આતમ ઠાણે, જાણ્યું તુમચી વાણે રે."
"શૂરપણે આતમ ઉપયોગી, થાય તિણે અયોગી રે;
વીરજીને ચરણે લાગું, વીરપણું તે માગું રે."

**શ્રી દેવચંદ્રજીસ્વામીજી** પણ આનો પ્રતિઘોષ કરે છે કે—

"સહજ ગુણ આગરો, સ્વામી સુખ સાગરો, જ્ઞાન વયરાગરો, પ્રભુ સવાયો;
શુદ્ધતા એકતા, તીક્ષ્ણતા ભાવથી, મોહરિપુ જીતી, જય પડહ વાયો."
"સૂર જગદીશની તીક્ષ્ણ અતિ શૂરતા, જિણે ચિરકાળનો મોહ જીત્યો."

એવા વીરચૂડામણિ ભગવાન સિદ્ધના ચરણનું અમને શરણ હો! (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગવાન મહાવીરનો સંદેશ

## રચયિતા : ઉપાધ્યાય શ્રી સિદ્ધિમુનિજી

( ત્રોટક છંદ. )

જિન મહાવીરનો જગમાં જય હો,
સહુ જીવ જગતના નિર્ભય હો;
જન કોઇ નહિ મન નિર્દય હો,
નહિ કોઇ ઉરે જીવ સંશય હો. ૧

વધ, બંધન, પીડનથી વિરમો,
પ્રતિ આતમ સમજો આપ સમો;
નહિ અન્ય ખમે પણ આપ ખમો,
ઉરનાં સહુ વૈરવિરોધ શમો. ૨

યતના કરજો સહુ કાર્ય વિષે,
મરવું ન ગમે સહુને અતિશે;
સહુ જીવ પરસ્પર સહાયક હો,
સુખશાંતિ પ્રદાયક, ચાહક હો. ૩

વદી ધર્મ અધર્મરૂપી કરણી,
ભિંજવો ન કદિ રુધિરે ધરણી;
નહિ અર્થ અનર્થ કરો નિગમે,
શ્રુતિ ભાવ સમન્વય સૌને ગમે. ૪

હિત, મિત અને પ્રિય સત્ય કહો,
અણદીધ નહિ લવલેશ ગ્રહો;
પરની પ્રમદા પર પ્રેમ તજો,
કમી સંગ્રહ, ખર્ચ વરો કરજો. ૫

નયવાદ વિવાદ વિષાદ સમો,
પરનો પરિવાદ ન લેશ ગમો;
ગણ ઇન્દ્રિયનો જન આર્ય દમો,
વિષયો તજી આતમરામ રમો. ૬

દીન, હીન, અનાથ, દુઃખી જનને,
દઇ દાન, દયા ખિલવો સ્વમને;
ઠીક કિંકર–નોકર તર્ફે હજો,
ગુરુવર્ગ પ્રતિ સન્માન ભજો. ૭

ઘો સજ્જન, બ્રાહ્મણ, ભિક્ષુકને,
સૂજતું પ્રતિલંભ કરો શ્રમણે;
અણુહિંસન, સંયમ, તપ કરજો,
વર મંગળ એ મનમાં ધરજો. ૮

અતિ સ્હેલ જ પાપ સમાચરવું,
અઘરું અતિ ધર્મનું આચરવું;
પણ પાપ સમાશ્રવ કષ્ટ કરે,
શુભ ધર્મનું મંગલ શાંતિ ધરે. ૯

જગ પાપ તજો, શુભ ધર્મ ભજો,
જય ધર્મતણો, જય એ સમજો;
શુભ મૈત્રી રચો જગ જીવ વિષે,
પણ મંગલ ધર્મની મૈત્રી દિસે. ૧૦

ઇહ લૌકિક ભૌતિક પ્રેમ–જયો,
બિહુ લૌકિક ધાર્મિક પ્રેમ–જયો;
એમ અંતરને સમજો ઉરમાં,
વરજો જય–પ્રેમ સુમંગલમાં. ૧૧

વર મંગલનાં ગુણગાન કરો,
જગવો જગમંગલ ભાવ ખરો;
સહુ શ્રેષ્ઠ સુધર્મનું દાન દિસે,
સ્તવ્યું દેવગણે ય નમી અતિશે. ૧૨

સહુ મંગળનું પણ મંગળ જે,
સહુ મંગળનું મૂળ કારણ જે;
સહુ ધર્મમહિં અતિ ઉત્તમ જે,
જિનશાસન એ જયવંત જગે. ૧૩

શુભ શાસનનાં ફરમાન ગ્રહો,
નહિ લેશ કદાગ્રહ, જોર કરો;
ભવિતવ્યદશા દિલ ચિંતવજો,
પુરુષાર્થ ફળો, **સિદ્ધિ** મળજો. ૧૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# अगुरुलघुपर्याय ।

( ૨ )

લેખક: રા. રા. જીવરાજભાઈ ઓધવજી દોશી, બી. એ., એલએલ.બી.

અગુરુલઘુપર્યાયની વિચારણા પરત્વેનો એક લેખ મેં 'આત્માનંદ પ્રકાશ'ના ફેબ્રુઆરી માસના અંકમાં લખ્યો છે. તેના અનુસંધાનમાં જે કાંઇ વિશેષ હકીકત મળી છે, તે આ લેખમાં બતાવવા માગું છું. ઔદારિક આદિ વર્ગણાઓની સ્થૂલતા–સૂક્ષ્મતાને અંગે અગુરુલઘુત્વની જે વિચારણા આગલા લેખમાં બતાવેલ છે, તેમાં કાંઇ વિશેષ ઉમેરવા જેવું નથી. શ્રી ભગવતીસૂત્રના શતક ૯–૫૦માં પણ તે પ્રમાણે વિવેચન કરેલ છે.

અગુરુલઘુપર્યાય છએ દ્રવ્યોમાં સામાન્ય છે, અને તેની સાધર્મ્યતાથી કેવળજ્ઞાનીને અતીત, વર્તમાન અને અનાગત વસ્તુઓનું જ્ઞાન થઇ શકે છે. તે સંબંધમાં જે વિશેષ હકીકત મળેલ છે તે બતાવું છું.

શ્રી હરિભદ્રસૂરિજીકૃત ષોડશકના ૧૫–૧૫-માં કેવલજ્ઞાનથી પ્રાપ્ત થયેલ પરતત્ત્વના સ્વરૂપના નિર્દેશમાં પ્રતિપાદન કરવામાં આવે છે કે—

**नित्यं प्रकृतिवियुक्तं**
**लोकालोकावलोकनाभोगम् ।**
**स्तिमिततरङ्गोदधिसममवर्णम-**
**स्पर्शमगुरुलघु ॥**

પરમતત્ત્વ નિત્ય છે, પ્રકૃતિથી–જડથી વિયુક્ત છે, લોક અને અલોકનું અવલોકન કરવાના ઉપયોગવાળું છે, શાંત મોજાંવાળા સમુદ્ર જેવું સ્થિર છે. તેમાં વર્ણ નથી, સ્પર્શ નથી અને અગુરુલઘુ છે અર્થાત્ મુક્ત આત્મા પણ અગુરુલઘુ ગુણવાળો શાસ્ત્રકાર બતાવે છે.

શ્રીમાન્ કુંદકુંદાચાર્યપ્રણીત સમયસારની સમર્થ ટીકામાં શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિજી આત્મા જ્ઞાનમાત્ર છે એવું પ્રતિપાદન કરી તેમાં અંતર્ગત રહેલી શક્તિઓનું વર્ણન કરે છે. જેમાં બીજી આત્મશક્તિઓ સાથે **षट्स्थानपतितवृद्धिह्वानिपरिणतस्वरुपप्रतिष्ठित्वकारणविशिष्टगुणात्मिका अगुरुलघुत्वशक्ति ।**

એક અગુરુલઘુત્વ શક્તિ પણ આત્માની બતાવે છે અને તે શક્તિનું વર્ણન કરે છે કે—

'આત્મા જ્ઞેયમાં પરિણામ પામે છે ત્યારે જ્ઞેયાકારમાં સંખ્યાત અસંખ્યાતગુણ આદિ વૃદ્ધિહાનિ પામે છે, છતાં આત્મા પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત જે કારણથી રહે છે તે કારણરૂપ આત્માનો જે વિશિષ્ટ ગુણ તે અગુરુલઘુત્વ શક્તિ છે. જ્ઞાન આત્માનો સ્વભાવ છે, જ્ઞાન થતી વખતે જ્ઞાતા–આત્મા જ્ઞેયને આકારે પરિણામ પામે છે. જ્ઞેયમાં સમયે સમયે ફેરફાર થાય છે, કારણ કે જ્ઞેય–સત્–ઉત્પાદ વ્યય, અને ધ્રૌવ્યાત્મક છે. આ પ્રમાણે સમયે સમયે જુદાં જુદાં પરિણામોને પામે છે; છતાં આત્મા જે શક્તિથી પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત રહે છે. તે શક્તિ અગુરુલઘુત્વ છે. આ સ્વાત્મપ્રતિષ્ઠાન શક્તિ જ્ઞાતામાં છે તેમ જ્ઞેયમાં પણ છે. જ્ઞેયમાં આ શક્તિ ન હોય તો તેનું અતીત અનાગતપણું ન જાણી શકાય. કેવળજ્ઞાની જ્ઞેયની અતીત, વર્તમાન અને અનાગત ત્રણે સ્થિતિ જોઈ શકે છે, કારણ કે જ્ઞાતામાં જેમ સ્વરૂપપ્રતિષ્ઠત્વ શક્તિ છે તેમ જ્ઞેયમાં પણ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ષોડશક ગ્રંથના વિદ્વાન ટીકાકાર ૧૫ મા ષોડશકના ૧૧ મા શ્લોકની ટીકામાં આ સવાલ ઉપસ્થિત કરી સમાધાન કરે છે—

**आत्मस्थं त्रैलोक्यप्रकाशकं निष्क्रियं परानन्दम् ।**
**तीतादिपरिच्छेदकमलं, ध्रुवं चेति समयज्ञाः ॥**

કેવળજ્ઞાનનું ઉપર પ્રમાણે સ્વરૂપ બતાવી 'અતીતાદિપરિચ્છેદક'–એટલે ભૂત, વર્તમાન અને ભવિષ્યને જોવાવાળું કેવળજ્ઞાન કેમ હોઇ શકે તેનો સવાલ કરે છે કે–અતીત અને અનાગત પદાર્થ વિનષ્ટ અને અનુત્પન્ન હોવાથી અસત્ છે–વસ્તુરૂપે નથી. અને અસત્ વસ્તુ જ્ઞાનનો વિષય થઇ શકે નહિ, માટે કેવળજ્ઞાનમાં અતીત–અનાગત વસ્તુ કેમ આવી શકે? ટીકાકાર સમાધાન કરે છે કે, વસ્તુ વર્તમાન એક જ સમયને અવલંબીને રહેતા પર્યાયવાળી નથી, પણ વસ્તુ તો સકલ અતીત, અનાગત આદિ અનંત પર્યાયરાશીમાં અનુગત એકાકારરૂપ છે. **वस्तुनस्तु सकलातीतानागतानाद्यनन्तपर्याय-राशिसमनुगतैकाकाररुपत्वात्** અર્થાત પર્યાયો બદલાય છે; છતાં એક વસ્તુ તો પદાર્થમાં કાયમ રહે છે. બદલાતા પર્યાયોમાં અંતર્ગત એકતા–unity in difference–એ વસ્તુનો સ્વભાવ છે. વસ્તુ અખંડ છે. તેવી અખંડ વસ્તુમાં અતીત અને અનાગત પર્યાયો વ્યક્તા-રીતે નહિ તો સત્તારૂપે કાયમ રહે છે, અને તેથી કેવળજ્ઞાનના તે વિષયો બને છે. શાસ્ત્રમાં અગુરુલઘુપર્યાય સર્વ દ્રવ્યોમાં સામાન્ય કહ્યો છે. એટલે આત્મામાં ઉપર બતાવ્યા પ્રમાણે જેમ અગુરુલઘુ શક્તિ છે તેમ જ્ઞેયમાં પણ અગુરુલઘુ શક્તિ છે. તે શક્તિથી જ્ઞેય પણ સમયે સમયે બદલાય છે, છતાં વસ્તુરૂપે એકાકાર રહે છે–અખંડ રહે છે; એટલે જ્ઞાતા અને જ્ઞેયમાં પર્યાયો સમયે સમયે બદલાતાં હોવા છતાં, જે સ્વરૂપપ્રતિષ્ઠત્વ શક્તિ, જે સ્વરૂપ અવસ્થાન શક્તિ (The power of self-subsistence) છે તે જ અગુરુલઘુત્વ છે. અને તે ગુણ, જ્ઞાતા અને જ્ઞેયમાં સાધારણ હોવાથી આનંદઘન મહારાજ શ્રી પાર્શ્વનાથ ભગવાનનાં સ્તવનમાં લખે છે:—

અગુરુલઘુ નિજ ગુણને દેખતાં, દ્રવ્ય સકલ દેખંત;
સાધારણ ગુણની સાધર્મ્યતા, દર્પણજલ દૃષ્ટાંત.

તે સાર્થક બને છે અર્થાત્ જ્ઞાતા અને જ્ઞેયમાં અગુરુલઘુ ગુણ સાધારણ છે, તે સમાનતાને આશ્રીને જ્ઞાતા, જ્ઞેયના સકલ પર્યાયો–અતીત, અનાગત અને વર્તમાન કેવળજ્ઞાનમાં જોઇ શકે છે. જેમ જળ અને દર્પણમાં પ્રતિબિંબિત થતા પદાર્થો બદલાયા કરે છે અને તેટલે દરજ્જે જળ અને દર્પણમાં પરિણતિ થાય છે, છતાં જળ અને દર્પણની મૂળ–અંતર્ગત પ્રતિબિંબ ગ્રહણ કરવાની શક્તિ તો અખંડ રહે છે. તેમ જ્ઞાનમાં પર્યાયો બદલાયા છતાં જ્ઞાતાની જ્ઞાન ગ્રહણ કરવાની શક્તિ અખંડ રહે છે અને તે અખંડ શક્તિથી આત્મા વસ્તુના સકલ ભાવોને જોઈ શકે છે.

હવે બીજો સવાલ એ જોવાનો રહે છે કે—વસ્તુમાં રહેલ સ્વરૂપપ્રતિષ્ઠત્વ શક્તિને અગુરુ-લઘુ શક્તિ એવું નામ આપવાનું કાંઇ કારણ છે. ગુરુત્વ, લઘુત્વ એ શબ્દો વજન (weight) વાચક છે. ઔદારિક આદિ પુદ્ગલ વર્ગણાની વિચારણામાં તો ગુરુલઘુ શબ્દો અર્થવાળા છે, પણ સ્વરૂપપ્રતિષ્ઠત્વના અર્થમાં અગુરુલઘુ શબ્દ કેમ અર્થવાળા થઇ શકે? એક એવી કલ્પના થઈ શકે છે કે, જેમ પૃથ્વીમાં ગુરુત્વમધ્ય-બિંદુ છે તેમ દરેક ભૌતિક પદાર્થમાં centre of gravity–ગુરુત્વમધ્યબિંદુ હોય છે, અને તે ગુરુત્વમધ્યબિંદુ તરફ પૃથ્વીપદાર્થના સઘળા ભાગો આકર્ષાય છે. પૃથ્વીપદાર્થનો કોઈપણ ભાગ–તેના મધ્યબિંદુ સિવાયનો આકર્ષણથી પર–આકર્ષણ વિનાનો નથી. મધ્યબિંદુ જ ગુરુ-ત્વાકર્ષણથી પર છે. તે મધ્યબિંદુ ઉપર કોઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમર આત્મમંથન

( ગતાંક પૃષ્ટ ૧૪૮ થી શરુ )

લેખક : **અમરચંદ માવજી શાહ.**

૪૪. પરસ્ત્રીપુરુષોની મિત્રતા એ આ વીસમી સદીની વિચિત્ર દલીલ છે. પશ્ચિમના પવનનું એ ઝેરી તત્ત્વ છે અને તે યુવાન યુવક-યુવતીઓ અમૃત સમજી અપનાવે છે. ભલે, તેઓ તેને મૈત્રી સમજે, પરંતુ દુનિયા ન માને! આપણી બુદ્ધિ પણ ન માને! દારૂ ને દેવતાનું દૃષ્ટાંત જાણીતું છે. એનું પરિણામ આત્મપતન સિવાય શું હોઈ શકે? કારણ કે પામર જીવોનાં આ પ્રેમના વાઘા નીચે સર્જાએલી રાગયુક્ત મૈત્રી પરપોટા પ્રેમરૂપે ઘણીયે વખત વર્તમાનપત્રોમાં પ્રગટ થઇ છે.

માણસ હોય તો તે પૃથ્વીના દરેક પ્રદેશોને એક વંટોળિયાની જેમ ફરતાં એકબીજા તરફ આકર્ષાતા જુએ અને પોતાને જ સ્થિર જુએ. બીજું આ મધ્યબિંદુ જેમ સ્થિર છે, તેમ આ મધ્યબિંદુ પદાર્થના દરેક ભાગને આકર્ષણમાં રાખી, તેના ભાગોને છિન્નભિન્ન અસ્તવ્યસ્ત થતાં અટકાવી, પદાર્થનું વસ્તુત્વ-એકત્વ-વ્યક્તિત્વ સાચવી રાખે છે, માટે ભૌતિક પદાર્થોમાં ગુરુત્વનો નિયમ–Law of gravitation છે, અને તેમા ગુરુત્વ મધ્યબિંદુ–centre of gravity છે. તે પ્રમાણે દરેક પદાર્થમાં રહેલ અગુરુલઘુશક્તિ શું ગુરુત્વમધ્યબિંદુ જેવી ન માની શકાય?

આપણા મહાન્ આચાર્યોને પણ અગુરુલઘુ પર્યાય અનધિગમ્ય–બુદ્ધિના વિષય બહારનો અને જિનેશ્વરની આજ્ઞા માત્ર ગ્રાહ્ય જણાયો છે.

શ્રી યશોવિજયજી ઉપાધ્યાય દ્રવ્યગુરુપર્યાય રાસના ૧૮૨ ની ગાથામાં લખે છે કે–

**આણાગમ સૂષિમ, અગુરુલઘુત્વ સ્વરૂપજી**

અને તે ઉપરના સ્વહસ્તલિખિત ટબામાં નોટ કરે છે કે–અગુરુલઘુત્વ ગુણ–સૂક્ષ્મ આજ્ઞાગ્રાહ્ય છે. અને તેની પુષ્ટિમાં આધાર ટાંકે છે કે–

**अगुरुलघुपर्यायाः सूक्ष्मा अवाग्गोचराः ।**

મારા પહેલા લેખમાં અગુરુલઘુપર્યાયને સાંખ્યના સત્ત્વગુણ સાથે કાંઇ સમાનતા હોવાની જે કલ્પના કરેલ છે તેને જૈનશાસ્ત્રનો કાંઇ આધાર મળતો નથી.

૪૫. ભારતની આર્ય સંસ્કારી શિયળસંપન્ન સન્નારીને સ્વપતિ સિવાયના પુરુષની મિત્રતા કલંકરૂપ છે. સહશિક્ષણનો ચેપ યુવકયુવતીઓની સ્વચ્છંદતા પોષવા અને પરપોટા પ્રેમમાં પરિણમ્યો છે. પરિણામ જાણીતું છે.

૪૬. જીવનમાં આપણને જે કંઇ સાધનસામગ્રી સાંપડી હોય, અને તેની અન્ય જીવોને જરૂરિયાત હોય, તે વગર દુઃખી થતાં હોય, તેમાંથી જે કંઇ આપણાથી અપાય તેનું નામ દાન. અને દાનની પરાકાષ્ટા સંપૂર્ણ ત્યાગમાં છે. દાન એ ત્યાગનું પ્રાથમિક સ્વરૂપ છે.

૪૭. દાન કરતાં દયા રૂડી વર્ણવી છે. દયા વગર દાનવૃત્તિ ઉદ્ભવે નહિ; જ્ઞાન વગર દયા નહિ અને દયા વગર દાન નહિ; દાન વગર ત્યાગ નહિ અને ત્યાગ વગર મુક્તિ નહિ.

૪૮. ધન એ સાધ્ય નથી પણ જીવન માટે સાધન છે. ધન એટલે જીવનને ઉપયોગી વસ્તુઓ–અરસપરસ વહેંચણીની વ્યવસ્થા સાચવવા માટેનું ચલણી નાણું. સૌ કોઇ પૂર્વ પ્રારબ્ધ અને વર્તમાન પુરુષાર્થથી તેને પ્રાપ્ત કરે છે. અને પોતાનું તથા પોતાના આશ્રિત કુટુંબાદિકનું તે દ્વારા ગુજરાન ચલાવે છે. આથી વ્યવહારમાં ધનનું સ્થાન અવશ્યનું છે, પરંતુ

For Private And Personal Use Only

તે જ્યારે જીવનનું સાધ્યબિંદુ બની જાય છે ત્યારે જીવનને આવશ્યક કર્તવ્યથી વંચિત રાખી તેની સાધનામાં જ જીવન વેડફી નાખે છે.

૪૯. કેવળ ધનને માટે જ જીવનને વેડફવું અને આત્મિક ઉન્નતિના કર્તવ્યથી વિમુખ રહેવું, તે તો લોભ–મોહનો પ્રબળ વિજય ગણાય. તેઓ જીવનનો મર્મ જ સમજ્યા નથી અને ચિંતામણિને બદલે કંકરને મહત્ત્વ આપી રહ્યા છે.

૫૦. ફોનોગ્રાફની જુદી જુદી રેકર્ડો જુદા જુદા સ્વરો આપે છે તેમ માનવોનાં મગજરૂપી યંત્રો જીભરૂપી રેકર્ડદ્વારા જુદા જુદા સ્વરો કાઢે છે-દરેકના સ્વભાવ પ્રમાણે તે બોલે છે. એ બધા ય મગજરૂપી યંત્રોનો સમન્વય કરવો મુશ્કેલ છે. તેમાં સમાનતા જાળવવા ક્ષમા, શાંતિ ને સમતા જ વિરોધ–કલેશને અટકાવવાનું ઔષધ છે

૫૧. આપણા વિચારો ઉપર ટીકા કરવાનો સૌ ભલે હક્ક રાખે, તેથી આપણે નારાજ થવાનું કારણ નથી–ગુસ્સે થવાનું પ્રયોજન નથી. ટીકા એ આપણાં સત્યાસત્યની કસોટીનો પથ્થર છે. જેમ કસોટી ઉપર સુવર્ણ પરીક્ષા થાય છે તેમ એ દ્વારા આપણી થતી ભૂલો સુધરે છે. લોકાપવાદ એ આપણા ગુણ–દોષ જોવાનું આભલું છે; એથી આપણે ઘણા આગળ વધી શકીએ છીએ અને સત્યનો સાક્ષાત્કાર કરી શકીએ છીએ.

૫૨. અહિંસા એ માનવતાનું સાચું લક્ષણ છે. માનવતા જગતના સર્વ જીવો પ્રત્યે પ્રેમાળ હોય, સર્વ જીવોનું રક્ષણ કરવાના ભાવવાળું હોય; અહિંસામાં વીરતા છે, અહિંસા જીવનનું અમોઘ શસ્ત્ર છે.

૫૩. નથી સમજાતું કે આટઆટલી જીવનનિભાવની સામગ્રીઓ, અન્ન, ફળ, શાક, મેવા આદિ ઉત્પન્ન થાય છે, છતાં અજ્ઞ માનવો હિંસક પશુપંખીઓ જેવો–પ્રાણીવધથી ઉત્પન્ન થતો–માંસનો આહાર કરી, એ મૂંગા પ્રાણીઓનાં કલેવરની પોતાનાં પેટમાં શા માટે કબર બનાવતાં હશે ?

૫૪. જ્ઞાનીઓએ સંસારને સ્વપ્ન સમાન વર્ણવ્યો છે, અને તે યથાર્થ લાગે છે. આપણે સૂતેલાં હોઈએ છીએ, સ્વપ્નસૃષ્ટિમાં કંઈ કંઈ જાતના સારામાઠા પ્રસંગો અનુભવીએ છીએ, આ બધો અનુભવ કોણ લે છે ? દેહ તો સૂતેલો છે ત્યારે આત્માનું અસ્તિત્વ પણ સ્હેજે સમજાય છે. જેમ સ્વપ્નસૃષ્ટિ જાગ્રત થતાં અદૃશ્ય થાય છે તેમ આ સંસારના પૌદ્‌ગલિક દેહાદિ મમત્વ, સુખવૈભવો મરણનું શરણ થતાં અદૃશ્ય થાય છે, એટલે જેમ સ્વપ્ન એ માયાવી છે તેમ આ સંસાર પણ માયાવી જ સમજવા જેવો છે-રાચવા યોગ્ય નથી. એ સંસારરૂપી સ્વપ્નદશામાંથી જાગ્રત થઈ જ્ઞાનદીપિકાના પ્રકાશમાં આત્માનું અનંત સુખ પ્રાપ્ત કરવા પુરુષાર્થ કરો !

૫૫. જેમ રેડિયોદ્વારા શબ્દપુદ્‌ગલનો પડઘો, જ્યાં જ્યાં રેડિયો હોય છે ત્યાં ત્યાં સંભળાય છે તેમ આપણા અંતરાત્મામાં ઉદ્ભવતી શુભાશુભ ભાવનાઓનો તેના કાર્યરૂપે પડઘો પડે છે. વિચારમાંથી વાણી અને વર્તનરૂપે પરિણમી સુખદુઃખરૂપે તે જીવન સાથે અથડાય છે.

૫૬. મનને કાબૂમાં રાખવા સંયમ આવશ્યક છે. જેમ લગામ વગરનો ઘોડો સીધો ચાલતો નથી તેમ સંયમ વગર મન કબજે આવતું નથી.

૫૭. સુખ અને દુઃખ એ આપણાં કર્મનું ફળ છે. એનું નિવારણ બીજો કોઇ કરવા સમર્થ નથી. તેઓ તો આપણાં કર્મ અનુસાર નિમિત્ત જ બને છે, માટે જે જે કર્મ અનુસાર અનુકૂળતા કે પ્રતિકૂળતા જીવનને સાંપડે, તેમાં હર્ષશોક કર્યા વગર સમાનભાવે વર્તવું. સુખમાં છકવું નહિ, દુઃખમાં ડરવું નહિ. ( ચાલુ )

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વીકાર અને સમાલોચના

**શ્રાવકકર્ત્તવ્ય**—પ્રયોજકઃ મુનિમહારાજ શ્રી નિરંજનવિજયજી. પ્રકાશકઃ શ્રી નેમિ-અમૃત-ખાન્તિ-નિરંજન ગ્રંથમાળા—અમદાવાદ. કિં. રૂા. ૦—૬—૦

ઉપરના પૉકેટ સાઇઝના પુસ્તકમાં તેના નામ મુજબ શ્રાવકોને કર્ત્તવ્ય યોગ્ય ઘણી ધાર્મિક બાબતોનો સમાવેશ કર્યો છે. શ્રાવકના નિત્ય કર્મપાલન તથા સમજણ માટે આ નાનું પુસ્તક ઘણું ઉપયોગી થશે. પુસ્તક શ્રી જૈન ગ્રંથ પ્રકાશક સભા, ઠે. પાંજરાપોળ, અમદાવાદ એ સ્થળેથી મળે છે.

**શ્રી આરંભસિદ્ધિ** ( ઉદયપ્રભદેવસૂરિવિરચિત ) —સંશોધકઃ મુનિશ્રી જિતેન્દ્રવિજયજી મહારાજ. પ્રકાશકઃ શ્રી લબ્ધિસૂરીશ્વર ગ્રંથમાળા—છાણી, લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાળાના ૧૨મા પુસ્તકરૂપે આ ગ્રંથ પ્રગટ થયેલ છે. જ્યોતિર્વિદ્યાનો આ અપૂર્વ ગ્રંથ છે. મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી મહારાજે જ્યોતિર્વિદ્યાના અભ્યાસીઓને ઉપયોગી થઇ પડે તે માટે ખૂબ પરિશ્રમ લઇ આ ગ્રંથનું સંશોધન કર્યું છે. ટૂંકામાં આ ગ્રંથ જ્યોતિર્વિદ્યાના અભ્યાસીઓને ખાસ અધ્યયન કરવા યોગ્ય છે. કિંમત રૂા. ૨—૮—૦ પ્રકાશકને ત્યાંથી મળી શકશે.

**હેમસમીક્ષા**—લેખક : મધુસૂદન ચીમનલાલ મોદી એમ. એ., એલએલ. બી. પ્રકાશકઃ શ્રી મોહનલાલ દી. ચોકસી, મંત્રીઃ જૈનાચાર્ય શ્રી આત્માનંદ જન્મશતાબ્દિ ટ્રસ્ટબૉર્ડ, ત્રાંબાકાંટા, વોરાનો જુનો માળો, ચોથે દાદરે, મુંબઇ.

શ્રી આત્માનંદ જન્મશતાબ્દિ સ્મારક ગ્રંથમાળાના ૫ મા પુસ્તક તરીકે આ ગ્રંથ પ્રગટ કરવામાં આવ્યો છે. આ ગ્રંથમાં ગુજરાતના મહાન જ્યોતિર્ધર કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજની ઉપલબ્ધ કૃતિઓની પરિચાયક વિવેચના કરવામાં આવી છે. સાથે સાક્ષરવર્ય શ્રી જિનવિજયજી મહારાજે પુરોવચન લખી ગ્રંથની સુંદરતામાં વધારો કર્યો છે. વિદ્વાન પ્રૉ. સાહેબ મધુસૂદન મોદીએ હેમચંદ્રાચાર્ય જેવા અદ્વિતીય આચાર્યની કૃતિઓને સંપૂર્ણ રીતે ન્યાય આપ્યો છે, એ માટે લેખક મહાશયને ધન્યવાદ આપીએ છીએ. કિંમત રૂા. ૨—૮—૦ પ્રકાશકને ત્યાંથી મળી શકશે.

**શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળ રજત-મહોત્સવ અંક**—શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળના કાર્યવાહકોએ આ અંકનું બાહ્યાંતર સ્વરૂપ સુંદર બનાવવામાં ખૂબ જ જહેમત ઉઠાવી છે આ રજત-મહોત્સવ અંકને બે વિભાગમાં વહેંચી નાંખવામાં આવ્યો છે. પહેલા વિભાગમાં કેટલાક મનનીય લેખો છે અને બીજા વિભાગમાં ગુરુકુળના આરંભ કાળથી અત્યાર સુધીનો ઇતિહાસ લખવામાં આવ્યો છે. આવા સ્તુત્ય પ્રયાસ માટે કાર્યવાહકોને અમારા અભિનંદન.

**જીવનવાટ**—લેખક : મહીપત શાહ. પ્રકાશક : પ્રગતિ કાર્યાલય. કિંમત રૂા. ૦-૧૨-૦. આ પુસ્તકમાં પાંચ વાંચવા લાયક નવલિકાઓનો સંગ્રહ આપવામાં આવ્યો છે. લેખકનો પ્રયાસ ઉત્તેજનપાત્ર છે. પાંચે નવલિકાઓ ઊર્મિપ્રધાન તત્ત્વથી ભરપૂર છે. આ લઘુ ગ્રંથની શ્રી. મોતીચંદભાઇ કાપડિયાએ લખેલી પ્રસ્તાવનાના શબ્દોમાં કહીએ તોઃ 'આ ગ્રંથની ભાષા-શૈલી નૂતન છે, પ્રસંગોની પસંદગી આકર્ષક છે અને આદર્શ સ્પષ્ટતા વેધક છે.

**મુક્તિના મંદિરમાં**—લેખક : મહીપત શાહ. પ્રકાશક : યોગેશ મુક્તિમંડળ. કિંમત રૂા. ૦—૮—૦ દેશાભિમાનથી તરવરતી ચાર નવલિકાઓનો સંગ્રહ છે. સ્વદેશની આઝાદીના અભિલાષીઓને વાંચવા લાયક છે.

**ભાવનગરના જરથોસ્તીઓનો સંક્ષિપ્ત ઇતિહાસ**—લેખક : ફરામજી મનચેરજી ગઝદર. ભાવનગરના પારસી અન્જુમન તરફથી છપાયેલ આ ગોલ્ડન જ્યુબિલિ વોલ્યુમ અમે સહર્ષ સ્વીકારીએ છીએ. આ પુસ્તકમાં ભાવનગરના જરથોસ્તી ભાઇઓનો વસવાટ થયો ત્યારથી અત્યાર સુધીનો સંક્ષિપ્ત હેવાલ આપવામાં આવ્યો છે. તે સિવાય ભાવનગર રાજ્યના રાજકર્ત્તાઓ તથા દીવાનો અને અન્ય પારસી ગૃહસ્થોના ફોટાઓ મૂકવામાં આવેલ છે. આ પુસ્તક પારસી જેવી નાની કોમ સંપથી અને ધર્મ પ્રત્યેના પ્રેમથી કોઇ પણ સ્થળે કેટલો પ્રભાવ પાડી શકે છે તેનો જ્વલંત દાખલો પૂરો પાડે છે. બીજી કોમોને પણ પારસી જેવી સંપીલી કોમનો દાખલો અનુકરણીય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**તીર્થોદ્ધારક આચાર્ય ( શ્રી વિજયનીતિસૂરિજી )**—પ્રયોજક: ફૂલચંદ હરિચંદ દોશી, મહુવાકર. પ્રકાશક: શ્રી નીતિવિજય જૈન સેવાસમાજ, શામળાની પોળ-અમદાવાદ. આ પુસ્તકમાં જૈન સમાજના એક સુપ્રસિદ્ધ આચાર્યવર્યની સળંગ જીવન કથા જુદા જુદા ૨૮ પ્રકરણો પાડીને લેખકે બહુ સુંદર રીતે વર્ણવી છે. પુસ્તક ખાસ વાંચવા લાયક છે; કારણ કે વાચકને ચરિત્રનાયકના જીવનમાંથી ઘણો સદ્બોધ મળી શકે તેમ છે. પુસ્તકની ભાષા ચરિત્રનાયકના શાંત અને સરલ જીવન જેવી જ શૈલીમાં લખાયેલ છે. લેખકનો પ્રયાસ સ્તુત્ય અને આદરણીય છે.

**શ્રી પંચજ્ઞાનપૂજા**—પ્રણેતા: આ. શ્રી. વિજયપદ્મસૂરિજી મહારાજ. પ્રકાશક: શ્રી જૈન ગ્રંથ પ્રકાશક સભા-અમદાવાદ. શ્રી વિજયપદ્મસૂરિકૃત આ પૂજા ઉત્તમ છે. દેરાસરમાં ખાસ ભણાવવા જેવી છે.

**પર્વતિથિપ્રકાશતિમિરભાસ્કર**—લેખક: ત્રૈલોક્યસાગર. મહોપાધ્યાયજી શ્રી ધર્મસાગરજી ગણિકૃત સ્વોપજ્ઞ સહિત 'તત્ત્વતરંગિણી' નામના ગ્રંથરત્નને નવલકથાના રૂપમાં રમૂજી અને બોધદાયક રીતે લેખક મુનિશ્રી ત્રૈલોક્યસાગરજીએ આ પુસ્તક રજૂ કરેલ છે. પ્રસ્તાવનાના લેખક મુનિશ્રી હંસસાગરજી મહારાજ કહે છે તેમ: 'આ પુસ્તક એક વખત શુદ્ધ હૃદયે અને શાંત ચિત્તે વાંચી જવાથી આબાલવૃદ્ધ જનોને તિથિવિષયક શાસ્ત્રમર્યાદાનું અને અવિચ્છિન્ન શુદ્ધ પરંપરાનું તલસ્પર્શી જ્ઞાન કરાવશે.' કિંમત જણાવેલ નથી.

**મહાવીર જૈન વિદ્યાલય ( સત્તાવીસમો રિપોર્ટ )**—આ સંસ્થાના માનદ મંત્રીઓ તરફથી બહાર પાડવામાં આવેલ રિપોર્ટ જોતાં સૌ કોઇને પ્રતીતિ થાય તેમ છે કે સદરહુ સંસ્થા જૈન સમાજમાં એક આદર્શ સંસ્થા છે. સંસ્થાની ઉત્તરોત્તર સર્વાંગી પ્રગતિ જોઇ અમોને ઘણો જ હર્ષ થાય છે. કાર્યવાહી તથા વહીવટ સંતોષકારક છે. સંસ્થાની દિનપ્રતિદિન ઉજ્જવળ કારકિર્દી ઇચ્છીએ છીએ.

**શ્રી જૈન ભોજનશાળા-ભાવનગરનો ત્રિવાર્ષિક રિપોર્ટ તથા હિસાબ**—વોરા ધરમશી ઝવેરભાઈ સ્થાપિત ભાવનગરની આ જૈન ભોજનશાળાનો રિપોર્ટ જોતાં સંસ્થાના સેવાભાવી કાર્યવાહકોએ જે સેવાનું કાર્ય ઉપાડ્યું છે તે ઘણું જ પ્રશંસનીય છે. ભાવનગરમાં એક આવી સંસ્થાની જે અનિવાર્ય જરૂર હતી તે આ ભોજનશાળાએ પૂરી પાડી છે. સંસ્થાના ઉત્સાહી કાર્યવાહકો જે નિ:સ્વાર્થ સેવાનું કાર્ય બજાવી રહ્યા છે તે માટે તેઓને ધન્યવાદ ઘટે છે. આ ભોજનશાળાની ઉત્તરોત્તર પ્રગતિ ઇચ્છીએ છીએ.

## મુનિરાજશ્રી ચારિત્રવિજયજી મહારાજનો સ્વર્ગવાસ.

પ્રસિદ્ધવક્તા મુનિરાજશ્રી ચારિત્રવિજયજી મહારાજનો પાલીતાણા ખાતે ચૈત્ર વદિ ૭ સોમવારના રોજ થયેલ સ્વર્ગવાસની નોંધ લેતાં આ સભા અત્યંત દિલગીરી જાહેર કરે છે.

તેઓશ્રી એક પ્રસિદ્ધવક્તા અને અઠંગ કેળવણીકાર હતા. તેઓશ્રી અતિ વૃદ્ધ હોવા છતાં પણ, છેલ્લાં કેટલાંક વર્ષોથી સોનગઢમાં સ્થાપિત કરેલ 'શ્રી મહાવીર જૈન ચારિત્ર રત્નાશ્રમ'ના વિદ્યાર્થીઓને ઉત્તમ કેળવણીનું પાન કરાવી રહ્યા હતા અને સાથે 'સમયધર્મ' પાક્ષિકનું સંચાલન પણ કરી રહ્યા હતા. જૈન સમાજ ઉપરનો આ ઉપકાર ન ભૂલી શકાય તેવો છે. આ સભા પ્રત્યે તેઓશ્રી સહાનુભૂતિ ધરાવતા હતા. આવા વિદ્વાન પ્રભાવશાળી સાધુપુરુષના અવસાનથી જૈન સમાજને ભારે ખોટ પડી છે. સદ્ગતના પવિત્ર આત્માને પરમ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ આ સભા શાસનદેવને પ્રાર્થના કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ............વર્તમાન સમાચાર............

## પંજાબના વર્તમાન

રાયકોટમાં આચાર્યવર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ આદિ પધારવાથી નગરમાં જાગૃતિ સારી આવી રહી છે.

ચૈત્ર શુકલ પ્રતિપદાને દિવસે સ્વર્ગવાસી પરમગુરુદેવ યોગીરાજ શ્રી બુદ્ધિવિજયજી (બુટેરાયજી) મહારાજની સ્વર્ગવાસજયંતી અને જગપ્રસિદ્ધ ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજની જન્મજયંતી આચાર્યશ્રીજીની અધ્યક્ષતામાં સમારોહપૂર્વક ઊજવવામાં આવી હતી.

ગુરુદેવોના જીવનવિષયમાં આચાર્ય મહારાજે સુંદર વિવેચન કર્યું હતું અને પંન્યાસ સમુદ્રવિજયજી મહારાજે ગુરુદેવોના જીવનવિષયના ખાસ ખાસ ઘટનાઓ પર સુંદર ભાષણ કર્યું હતું.

અંબાલા, જંડિયાલાના સંઘો ચાતુર્માસ માટે વિનંતી કરવા પધાર્યા હતા અને આગ્રહભરી વિનંતી કરી ગયા.

ચૈત્ર શુકલ ત્રયોદશીના દિવસે શ્રમણભગવાન શ્રી મહાવીરસ્વામીની જયંતી પણ આચાર્યશ્રીજીની અધ્યક્ષતામાં સમારોહપૂર્વક ઊજવવામાં આવી હતી. આચાર્યશ્રીજીએ 'वीरः सर्वसुरासुरेन्द्रमहितो' આ શ્લોક પર સુંદર વિવેચન કરતાં ભગવાનનું મહત્ત્વશાળી જીવન સંભળાવ્યું હતું અને ગણધર દેવોના શંકા–સમાધાન વિષયમાં પ્રકાશ નાખતા આત્મા, પુણ્ય, પાપ, સ્વર્ગ, નરક વગેરેની સિદ્ધિ કરી બતાવી પ્રભુપૂજાનું મહત્ત્વ સમજાવ્યું હતું.

પંન્યાસ સમુદ્રવિજયજીએ ભગવાનની માતૃભક્તિ, ગર્ભમાં કરેલી પ્રતિજ્ઞા, વર્ષીદાન, ઉપસર્ગ વિષયો પર સુંદર ભાષણ આપ્યું હતું અને જણાવ્યું હતું કે: 'મહાપુરુષોના જીવનમાંથી બોધ લઇ અમલમાં મૂકવાથી આત્મકલ્યાણ સધાય છે.'

આચાર્યશ્રીજી દરરોજ ભિન્ન ભિન્ન વિષયો પર પ્રભાવશાળી વ્યાખ્યાનો આપે છે. તેનો લાભ જનતા સારા પ્રમાણમાં લઇ રહી છે.

## શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળ.
## વાણિજ્ય વિદ્યામંદિરની સ્થાપના
## સંગીતશાસ્ત્રી તંદુલકરનું સંગીત.

તા. ૭–૫–૪૩ના રોજ પાલીતાણામાં શ્રી યશોવિજયજી ગુરુકુળમાં વાણિજ્યમંદિરની સ્થાપનાને અંગે એક મેળાવડો કરવામાં આવ્યો હતો. પ્રમુખસ્થાને સ્ટેટના દીવાન સાહેબ હતા. ઉદ્ઘાટન ક્રિયા કલકત્તાનિવાસી બાબુ સોહનલાલજી કર્ણાવટે કરી હતી.

મેળાવડાને અંગે અમદાવાદથી સંગીતશાસ્ત્રી તંદુલકરને ખાસ બોલાવવામાં આવ્યા હતા. તેમના સંગીતથી સભાનું કાર્ય શરુ થયું હતું.

પ્રારંભમાં શ્રીયુત ફૂલચંદભાઇ કે જેઓ આ વિદ્યામંદિરના ઉત્પાદક છે તેમણે વાણિજ્યની યોજના, આવશ્યકતા, ઉપયોગિતા, લાભ અને અભ્યાસક્રમ વગેરે વિગતથી સમજાવ્યા હતા.

તે પછી શ્રીયુત ફત્તેહચંદ બેલાણીએ કહ્યું હતું કે: 'જૈન શિક્ષણસંસ્થાઓમાં કાઠિયાવાડમાં વાણિજ્યનું શિક્ષણ પહેલવહેલું દાખલ થાય છે. તેનો યશ ગુરુકુળને મળે છે અને તે શ્રી ફૂલચંદભાઇને હાથે જ શરુ થાય છે એ આનંદનો વિષય છે.

જૈનો વણિક કોમ છે. તેને ગળથૂથીમાં, જીવનમાં ને વારસામાં વાણિજ્ય છે, પણ ખેદ સાથે કહેવું પડે છે કે તેના શિક્ષણમાં જ વાણિજ્ય નથી.

દોરી લોટો લઇને વ્યાપાર ખેડવાનો સમય ચાલ્યો ગયો છે. આજે આખી દુનિયા સાથે સંબંધ બંધાયો છે તે માટે પદ્ધતિપૂર્વકનું વ્યાપારિક જ્ઞાન જરુરી છે, તેના આ પગરણ છે, એ આશાસ્પદ છે.

સ્ટેટ પણ સદ્ભાગી છે કે જૈનો જુદી જુદી દિશામાં લાખો રૂપિયા ખર્ચીને સ્ટેટની શોભામાં વૃદ્ધિ કરે છે, એ સ્ટેટે પોતાનું ગૌરવ સમજવું જોઇએ.

આ ગુરુકુળ વાણિજ્યશિક્ષણનું કાઠિયાવાડ–ગુજરાતનું કેંદ્ર બને એવી આશા રાખું છું.'

બાદ બાબુ કર્ણાવટે વિદ્યામંદિરની ઉદ્ઘાટન ક્રિયા કરી હતી. અંતમાં સંગીતનું પ્રોગ્રામ પુરું થયા પછી શ્રીયુત વલ્લભદાસભાઇએ આવેલા મહેમાનોનો આભાર માન્યા બાદ હારતોરાવડે સ્વાગત કરવામાં આવ્યું હતું અને મેળાવડો વિસર્જન થયો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( અનુસંધાન ટાઈટલ પેજ ૨ થી ચાલુ )

**૬. સકલાર્હત્ સ્તોત્ર** (મૂળ)—શ્રી કનકકુશળગણિની ટીકા સાથે. સંશોધનકર્તા પ્રાચીન સાહિત્ય-સંશોધક સાક્ષરવર્ય શ્રીમાન્ પુણ્યવિજયજી મહારાજે તદ્દન શુદ્ધ કરીને પ્રકટ કરવામાં આવેલ છે. અભ્યાસીઓ માટે અતિ ઉપયોગી છે. શાસ્ત્રી સુંદર ટાઇપમાં મુદ્રિત થયેલ છે.

આવા સખ્ત મોંઘવારીના વખતે પણ આવા છ મોટા સુંદર ગ્રંથો, મોટો ખર્ચ કરી, પ્રકટ કરી, અમારા માનવંતા પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને ભેટ આપવાનું સભાએ સાહસ કર્યું છે. વ્યાપારીદૃષ્ટિએ આ સભાનો વહીવટ થતો ન હોવાથી, ઊંચામાં ઊંચી કક્ષાના વિવિધ સાહિત્યનાં અનેક ગ્રંથો પ્રકાશન કરવાનો અને આર્થિક દૃષ્ટિએ પણ અમારા ઉપરોક્ત સભાસદોને સારામાં સારો ભેટના ગ્રંથોનો દર વખતે વિશેષ વિશેષ લાભ કેમ મળે, એ હેતુ ધ્યાનમાં રાખેલ હોવાથી તેમજ આ સભાના લાઇફ મેમ્બરોને એક સુંદર ગૃહ લાઈબ્રેરી કેમ થાય તે વિચારથી ગમે તેવા પ્રસંગોએ પણ અનેક ગ્રંથોની ભેટોનો લાભ આપવામાં આવે છે. આ સભા પોતાના સભાસદોને ગ્રંથોનો જે મોટો ભેટ તરીકે લાભ આપે છે તે અમારા સભ્યો જાણે છે તેમજ તેવી બીજી કોઇ સંસ્થા તેવો લાભ આપી શકતી ન હોવાથી આ સભામાં દિવસાનુદિવસ નવા સભાસદોની સંખ્યા વધતી જાય છે.

## 'શ્રી આત્માનંદ ગ્રંથરત્નમાળા' તરફથી નવા છપાતા અને છપાવવાના પ્રાકૃત-સંસ્કૃત ગ્રંથો.

१ **श्री कथारत्नकोश : श्री देवभद्रगणिकृत.** ( मूल )
२ **श्री प्राकृत व्याकरण ढुंढिका.**
३ **श्री त्रिषष्ठिश्लाका पुरुष चरित्र ( बीजुं, त्रीजुं, चोथुं पर्व. )**

## 'શ્રી આત્માનંદ જૈન ગ્રંથમાળા' તરફથી છપાતા ગુજરાતી ગ્રંથો.

**૧ શ્રી આદિનાથ ચરિત્ર**—( શ્રીમદ્ અમરસિંહસૂરિકૃત ) લગભગ ૫૦ ફોર્મ, ચારસો પાનાનો દળદાર ગ્રંથ, વિવિધ સુશોભિત રંગીન ચિત્રો સાથે.

**૨ શ્રી જ્ઞાનપ્રદીપ** ( બોધસુધા સહિત )—( લે. આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિ ) મનન કરવા લાયક, અનેક વિષયોથી ભરપૂર, સુંદર બાઇન્ડીંગ સાથે ૪૧૬ પાનાનો દળદાર ગ્રંથ.

## 'શ્રી મહાવીર ( પ્રભુ ) ચરિત્ર.'

૫૨૦ પાના, સુંદર ગુજરાતી અક્ષરો, ઊંચા કાગળો, સુંદર ફોટાઓ અને સુશોભિત કપડાનાં મનરંજન બાઈન્ડીંગથી અલંકૃત કરેલ ગ્રંથ આ સભા તરફથી પ્રગટ થયેલ છે. આ ગ્રંથમાં પ્રભુના સત્તાવીશ ભવનું વિસ્તારપૂર્વક વર્ણન, ચોમાસાનાં સ્થળો સાથેનું લંબાણથી વિવેચન, કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પૂર્વેના ત્રીશ વર્ષ પૂર્વેનું વિહારવર્ણન, સાડાબાર વર્ષ કરેલા તપનું વિસ્તારપૂર્વક વિવેચન, થયેલા ઉપસર્ગોનું ઘણું જ વિસ્તારપૂર્વક વિવેચન જેટલું આ ગ્રંથમાં આવેલું છે તેટલું કોઈના છપાવેલા બીજા ગ્રંથોમાં આવેલ નથી; કારણ કે કર્તા મહાપુરુષે કલ્પસૂત્ર, આગમો, ત્રિષષ્ઠિ વગેરે અનેક ગ્રંથોમાંથી દોહન કરી આ ચરિત્ર આટલું સુંદર રચનાપૂર્વક લંબાણથી લખ્યું છે. બીજા ગમે તેટલા લઘુ ગ્રંથો વાંચવાથી શ્રી મહાવીરજીવનનો સંપૂર્ણ ખ્યાલ આવી શકે નહિ, જેથી આ ગ્રંથ મંગાવવા અમો ખાસ ભલામણ કરીએ છીએ. આવા સુંદર અને વિસ્તારપૂર્વક ગ્રંથની અનેક નકલો ખપી ગઇ છે. હવે જૂજ બુકો સિલિકે છે. આવા ઉત્તમ, વિસ્તારપૂર્વકના વર્ણન સાથેના ગ્રંથ મોટો ખર્ચ કરી ફરી ફરી છપાવાતા નથી; જેથી આ લાભ ખાસ લેવા જેવો છે. કિંમત રૂા. ૩-૦-૦ પોસ્ટેજ અલગ. લખોઃ—**શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

## જ્ઞાનભંડારો તેમજ પુસ્તકાલયોને ભેટ.

૧. શ્રી કર્પૂરવિજયજી લેખસંગ્રહ ભા. ૬ ઠ્ઠો, ઉપાધ્યાય શ્રી યશોવિજયજીકૃત જ્ઞાનસાર વિસ્તૃત ભાવાર્થયુક્ત. પા. ૫૩૨.

૨. ખંભાતની ચૈત્યપરિપાટી જાણવા જેવી હકીકતો સહિત. પા. ૮૨.

૩. શિખરજી પ્રવાસગાઇડ. પા. ૧૨૦.

બુકપોસ્ટથી જ મોકલવામાં આવશે. પોસ્ટેજ પેકીંગ વ૦ ખર્ચ સારુ આનાવાળા દશ સ્ટેમ્પ્સ મોકલવા. સિલિકમાં હશે ત્યાં સુધી લાભ અપાશે.

સરનામું—
**મોહનલાલ દીપચંદ ચોકસી,**
તાંબાકાંટો, વહોરાનો જુનો માળો, ચોથે દાદરે.
**મુંબઈ ૩.**

---

### શ્રી પ્રભાચંદ્રસૂરિવિરચિત-
## શ્રી પ્રભાવક ચરિત્ર ( ભાષાંતર ) ઐતિહાસિક ગ્રંથ.

આ એક ઐતિહાસિક કથા–સાહિત્યના ગ્રંથમાં વર્તમાનકાળના બાવીશ પ્રભાવક આચાર્યમહારાજના જીવન ઉપર કર્ત્તા મહાપુરુષે સારો પ્રકાશ પાડ્યો છે. જે જે મહાન આચાર્યનો પરિચય આપ્યો છે, તેમાં તે સમયની સામાજિક, ધાર્મિક, રાજકીય પરિસ્થિતિ, ઐતિહાસિક દૃષ્ટિએ આપી સુંદર ( ભાષાંતર ) પ્રમાણિક ઐતિહાસિક ગ્રંથ બનાવ્યો છે. મુનિરાજ શ્રી કલ્યાણવિજયજી મહારાજે ઐતિહાસિક દૃષ્ટિએ સુંદર પર્યાલોચના લખી તે ગ્રંથની રચનામાં સુંદરતા વધારી પ્રમાણિક જૈન કથાસાહિત્યમાં ઉમેરો કર્યો છે. એવી સુંદર અને સરલતાપૂર્વક રચના કરેલ હોઇને આ ગ્રંથને અમુક અમુક જૈન શિક્ષણશાળાઓના ધાર્મિક અભ્યાસક્રમમાં સ્થાન મળેલ છે. આ ઉપયોગી સાહિત્ય ગ્રંથ હોવાથી વાંચતા પણ ખાસ આનંદ ઉત્પન્ન કરે તેવો છે. કિંમત રૂા. ૨–૮–૦ પોસ્ટેજ અલગ.

**લખો:—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.**

---

## કર્મગ્રંથ ભાગ ૧–૨ સંપૂર્ણ.

**પ્રથમ ભાગ સિલિકે નથી; બીજા ભાગની ઘણી જ થોડી નકલો સિલિકે રહી છે.**

**૧. સટીક ચાર કર્મગ્રંથ શ્રીમદ્દેવેન્દ્રસૂરિવિરચિત–પ્રથમ ભાગ રૂા. ૨–૦–૦ ( સિલિકે નથી )**
**૨. શતકનામા પાંચમો અને સપ્તતિકાભિધાન છઠ્ઠો કર્મગ્રંથ, દ્વિતીય ભાગ રૂા. ૪–૦–૦**

ઘણી જ કાળજીપૂર્વક તેનું સંશોધન, અમારી પ્રસ્તુત આવૃત્તિમાં સાવધાનપણે સંપાદક મહાપુરુષોએ આ બંને ગ્રંથોમાં કર્યું છે અને રચના, સંકલના વિદ્વત્તાપૂર્ણ કરવામાં આવેલ છે; જે ગ્રંથ જોયા પછી જ જણાય તેવું છે. બાકી તેની સાથે ગુજરાતી ભાષામાં આપેલ પ્રસ્તાવનામાં વિગતો, ગ્રંથકારનો પરિચય, વિષયસૂચિ, કર્મગ્રંથનો વિષય કયા ગ્રંથોમાં છે તેની સૂચિ, પારિભાષિક શબ્દના સ્થાનદર્શક કોશ, શ્વેતાંબરીય કર્મતત્ત્વવિષય શાસ્ત્રોની સૂચિ, કર્મ વિષયના મળતાં ગ્રંથો, છ કર્મગ્રંથાન્તર્ગત વિષય દિગંબરી શાસ્ત્રોમાં કયા કયા સ્થળે છે તેનો નિર્દેશ વગેરે આપવામાં આવેલ હોવાથી અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી થયેલ છે, જે પ્રથમ બહાર પડેલ કર્મગ્રંથ કરતાં અધિકતર છે.

ઊંચા એન્ટીક કાગળો ઉપર, સુંદર ટાઇપો અને મજબૂત તથા સુંદર બાઈંડીંગમાં બંને ભાગો પ્રકટ થયેલ છે. ( ફક્ત બીજો ભાગ સિલિકે હોવાથી ) બીજા ભાગની કિંમત રૂા. ૪–૦–૦ પોસ્ટેજ જુદું.

**લખો:—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

( શ્રી મહોદય પ્રિન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઈએ છાપ્યું—ભાવનગર. )

For Private And Personal Use Only